અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ એપ્રિલ ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૬ | અંક : ૨૫૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પ્રધાનમંત્રી મોદીએ ૭ ટોપ ગેમર્સ સાથે વાતચીત કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પ્રધાનમંત્રી મોદીએ શનિવારે ભારતના ટોચના ૭ ગેમર્સ સાથે વાતચીત કરી હતી. આ ગેમર્સમાં પાયલ ધારે નામની યુવતી પણ સામેલ હતી, જે મધ્યપ્રદેશની છે. પાયલના યૂટ્યૂબ પર લગભગ ૩૭ લાખ સબસ્ક્રાઈબર્સ છે. તેમણે એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. તે દેશની એકમાત્ર મહિલા ઓનલાઈન ગેમર છે. પાયલ ધારે છિંદવાડા જિલ્લાના ઉમરાનાલા ગામની રહેવાસી છે. તેમણે છત્તીસગઢના ભિલાઈથી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો.

### પાટીદાર યુવકને FBI એ મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યો

। વોશિંગ્ટપત્ની, તા.૧૩ ।

એક એવો ગુજરાતી જેણે દુનિયાની સૌથી ખતરનાક ગણાતી અમેરિકાની એફબીઆઈ એજન્સીના નાકમાં દમ કરી દીધો છે. આખરે કંટાળીને એફબીઆઈ દ્વારા આ બેજાબાજની જાણકારી આપનારને અઢી લાખ ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. ભદ્રેશ પટેલના નામના ગુજરાતી યુવાનને એફબીઆઈ દ્વારા મોસ્ટ વોન્ટેડ જાહેર કરાયો. અમેરિકી સુરક્ષા એજન્સી એફબીઆઈએ આ મોસ્ટ વોન્ટેડ યુવાનને પકડી લાવનારને અઢી લાખ ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

## આતંકવાદને કોઈપણ સંજોગોમાં સહન કરી શકાય નહીં

# ‘૨૦૧૪ પછી વિદેશ નીતિ બદલાઈ, આતંકવાદનો સામનો કરવાનો આ જ રસ્તો છે’ : જયશંકર

**જો આપણે શરૂઆતથી જ સ્પષ્ટ હતા કે પાકિસ્તાન આતંકવાદનો ઉપયોગ કરી રહ્યું છે અને આપણે તેને કોઈપણ સંજોગોમાં સહન નહીં કરીએ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે ૨૦૧૪થી દેશની વિદેશ નીતિમાં બદલાવ આવ્યો છે અને આતંકવાદનો સામનો કરવાનો આ જ રસ્તો છે. જયશંકર એક કાર્યક્રમમાં યુવાનોને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન જ્યારે વિદેશ મંત્રીને પૂછવામાં આવ્યું કે એવા કયા દેશો છે જેની સાથે સંબંધો જાળવી રાખવા ભારત માટે મુશ્કેલ છે. જેના જવાબમાં તેમણે કહ્યું કે આજે સૌથી મોટો પડકાર પાકિસ્તાન છે.કાર્યક્રમ દરમિયાન જયશંકરે કહ્યું કે પીએમ મોદી ૨૦૧૪માં



આવ્યા હતા, પરંતુ આ સમસ્યા ૨૦૧૪માં શરૂ થઈ નહોતી. આ સમસ્યા ૧૯૪૭માં શરૂ થઈ હતી. ૧૯૪૭માં પાકિસ્તાનથી કાશ્મીર આવેલા લોકોએ ત્યાં હુમલા કર્યા, આ આતંકવાદ હતો. તેઓ શહેરો અને ગામડાઓને બાળી રહ્યા હતા. તેઓ લોકોને મારી રહ્યા હતા. પાકિસ્તાને આદિવાસી આક્રમણકારોને કાશ્મીરમાં મોકલ્યા. જો કે, અમારી સેનાએ તેમની સામે લડ્યા. જ્યારે ભારતીય સેના તેની કાર્યવાહી કરી રહી હતી, ત્યારે અમે રોકાયા અને સંયુક્ત રાષ્ટ્રમાં ગયા.વિદેશ મંત્રીએ કહ્યું કે જો આપણે શરૂઆતથી જ સ્પષ્ટ હતા કે પાકિસ્તાન આતંકવાદનો ઉપયોગ કરી રહ્યું છે અને આપણે તેને કોઈપણ સંજોગોમાં સહન ન કરીએ. જો કોઈ દેશ તમને વાટાઘાટોના ટેબલ પર લાવવા માટે આતંકવાદનો આશરો લે છે, તો તેને સહન ન કરવું જોઈએ.જયશંકરે કહ્યું કે મુંબઈમાં ૨૬/૧૧ના હુમલા બાદ યુપીએ સરકારે અનેક રાઉન્ડમાં ચર્ચા કરી અને વિચારમંથન કર્યું અને કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકી નહીં. તેમણે કહ્યું કે આતંકવાદીઓએ એવું ન વિચારવું જોઈએ કે જો અમે આ રેખાની બીજી બાજુએ છીએ તો અમને કોઈ સ્પર્શ કરશે નહીં. આતંકવાદીઓને જવાબ આપવા માટે કોઈ નિયમો નથી. જયશંકરે પૂછ્યું કે જો મુંબઈ જેવું કંઈક (૨૬/૧૧) થાય અને કોઈ પ્રતિક્રિયા ન આપે તો પછીના હુમલાને કોઈ કેવી રીતે રોકી શકે.

## મોંઘી થતી દાળ પર અંકુશ લાદવા સરકારનું પગલું

# ૧૫ એપ્રિલથી સાપ્તાહિક સ્ટોકનો રિપોર્ટ વેપારીઓએ આપવો પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કઠોળની વધતી કિંમતો અને તેની ઉપલબ્ધતા વધારવા માટે સરકારે મોટુ પગલું લીધુ છે. કન્ઝ્યુમર બાબતોના સચિવ નિધી ખરેએ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન ઓનલાઈન સ્ટોક મોનિટરિંગના સંચાલન માટે દાળના ઈન્ડસ્ટ્રી લીડર્સ સાથે દાળની ઉપલબ્ધતાની સમીક્ષા કરી હતી. તેઓએ કઠોળના વાયદા ટ્રેડિંગમાં સામેલ કોઈપણ વ્યક્તિ વિરૂદ્ધ Essential Commodities Act જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. વેરિફિકેશન માટે ઈન્ડસ્ટ્રી પાસેથી ફીડબેક અને અલગ-અલગ માર્કેટ પ્લેયર્સ સાથે મળી સ્ટોકની સ્થિતિ સંબંધિત માહિતી એકત્ર કરી હતી. આયાતકારો અને અન્ય વેપારીઓએ જેમ કે, દાળ બનાવતા માલિકો, સ્ટોકિસ્ટો, રિટેલ વેપારીઓ સહિત તમામે ૧૫ એપ્રિલ,૨૦૨૪થી https://fcainfoweb.nic.in/psp/ પોર્ટલ પર સાપ્તાહિક ધઓરણે આયાત પીળા વટાણા સહિત ઉપલબ્ધ તમામ દાળના સ્ટોક વિશે માહિતી રજૂ કરવાની રહેશે. સરકારે મ્યાનમાર પાસેથી દાળની આયાત કરનારા વેપારીઓ માટે પેમેન્ટ મિકેનિઝમ સરળ અને અનુકૂળ બનાવ્યા છે. કન્ઝ્યુમર બાબતોના મંત્રાલયે એક નિવેદન આપ્યું હતું કે, આયાતકારોએ પંજાબ નેશનલ બેંક મારફત સ્પેશિયલ રૂપિ વોસ્ટ્રો એકાઉન્ટ દ્વારા રૂપિ/ક્યાત ડાયરેક્ટ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવા કહ્યું છે.

## ૭૫ ટકા ફરજિયાત હાજરીથી લઇને ઘણા ફેરફાર

# CBSE સ્કૂલોમાં ધો. ૬, ૯ અને ૧૧ માં લાગુ કરાશે ક્રેડિટ સિસ્ટમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

હવે શાળાઓમાં શિક્ષણ રાષ્ટ્રીય ક્રેડિટ ફ્રેમવર્ક હેઠળ ક્રેડિટ સિસ્ટમ દ્વારા કરવામાં આવશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫થી ધોરણ ૬ઠ્ઠા, ૯મા અને ૧૧મા ધોરણમાં આ સિસ્ટમને પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવાની તૈયારી કરી છે. આ સિસ્ટમ હેઠળ, જો વિદ્યાર્થીઓ ધોરણ ૯માં વર્ષમાં ૨૧૦ કલાક અભ્યાસ કરે છે, તો તેમને ૪૦-૫૪ ક્રેડિટ માર્ક્સ મળશે. તમામ વિષયોમાં પરીક્ષા પાસ કર્યા પછી જ આ ક્રેડિટ આપવામાં આવશે. આ માટે આખા વર્ષ દરમિયાન વર્ગમાં ૭૫ ટકા હાજરી ફરજિયાત રહેશે. CBSEએ શાળાઓને આ સિસ્ટમનો ભાગ બનવા આમંત્રણ આપ્યું છે. આ સંદર્ભમાં, બોર્ડ દ્વારા સીબીએસઈ સાથે જોડાયેલા તમામ શાળાના વડાઓને માર્ગદર્શિકા સંબંધિત માહિતી મોકલવામાં આવી છે. બોર્ડે નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક માટે માર્ગદર્શિકા તૈયાર કરી છે અને તેને લગતી અનેક વર્કશોપ યોજી છે. હવે બોર્ડે તેની અસરકારકતા ચકાસવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે વર્ગ VI, IX અને XI માં આ માર્ગદર્શિકાઓના પ્રાયોગિક અમલીકરણની યોજના બનાવી છે. રાષ્ટ્રીય ક્રેડિટ ફ્રેમવર્કનું સફળ પરીક્ષણ સુનિશ્ચિત કરવા CBSE જાગૃતિ સત્રો, કાઉન્સેલિંગ કાર્યક્રમોનું આયોજન કરશે.

## કવિતાએ ખેતીની જમીન વેચવા પણ કર્યું હતું દબાણ

# કવિતાએ શરથ રેડ્ડીને આપી હતી ધમકી, CBIનો ધડાકો

### કવિતાએ અરવિંદો ફાર્માના પ્રમોટર શરથ ચંદ્ર રેડ્ડી પર એએપીને ૨૫ કરોડ ચૂકવવા માટે દબાણ કર્યું હતું : CBI



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

CBIએ દારુ કૌભાંડના આરોપી બીઆરએસ નેતા કે.કવિતાને લઈને મોટો ખુલાસો કર્યો છે. સીબીઆઇએ કોર્ટને જણાવ્યું હતું કે કવિતાએ અરવિંદો ફાર્માના પ્રમોટર શરથ ચંદ્ર રેડ્ડી પર આમ આદમી પાર્ટીને ૨૫ કરોડ રૂપિયા ચૂકવવા માટે દબાણ કર્યું હતું. કવિતાએ શરથ રેડ્ડીને ધમકી આપતા કહ્યું હતું કે જો તે દિલ્હીની નવી દારૂ નીતિ હેઠળ ૫ રિટેલ ઝોન ઈચ્છે છે, તો તેણે આપને ૨૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે અને જો તે આવું નહીં કરે તો તે તેલંગાણા અને દિલ્હીમાં તેના ધંધાને નુકસાન પહોંચાડી શકે છે.

સીબીઆઈએ જસ્ટીસ કાવેરી બાવેજાને જણાવ્યું હતું કે તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કે.ચંદ્રશેખર રાવની પુત્રી કવિતાની "વિનંતી અને ખાતરી" પર જ સરથ રેડ્ડીએ દિલ્હીમાં દારૂના ધંધામાં પ્રવેશવાનો નિર્ણય કર્યો હતો. વિજય નાયર સાઉથ ગ્રુપ અને એએપી વચ્ચેનો સામાન્ય સંપર્ક હતો. કવિતાએ શરથ રેડ્ડીને ખાતરી આપી હતી કે દિલ્હી સરકારમાં તેના સંપ ર્કો છે અને તે નવી એક્સાઈઝ પોલિસી હેઠળ દિલ્હીમાં દારૂના ધંધામાં રેડ્ડીની મદદ કરશે. "કવિતાએ શરથચંદ્ર રેડ્ડીને કહ્યું હતું કે દિલ્હીમાં જથ્થાબંધ દારૂનો ધંધો કરવા માટે તેણે આમ આદમી પાર્ટીને ૨૫ કરોડ રૂપિયા અને દરેક રિટેલ ઝોન માટે ૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. અને તેટલી જ રકમ રેડ્ડીએ તેના સહયોગીઓ અરુણ આર.પિલ્લઈ અને અભિષેક બોઈનપલ્લીને ચૂકવવી પડશે. બદલામાં, આ બંને વિજય નાયરના સંપર્કમાં આવશે, જે અરવિંદ કેજરીવાલના માણસ છે. એજન્સીએ આરોપ લગાવ્યો છે કે માર્ચ અને મે ૨૦૨૧માં, જ્યારે આબકારી નીતિ ઘડવામાં આવી રહી હતી, ત્યારે કવિતાના સાથીઓ અરુણ આર પિલ્લઈ, અભિષેક બોઈનપલ્લી અને બુચીબાબુ ગોરન્ટલા દિલ્હીની હોટલ ઓબેરોયમાં રોકાયા હતા અને વિજય નાયર દ્વારા દારૂની નીતિ તેમની તરફેણમાં મેળવી હતી. કવિતા પાસેથી સમર્થનની ખાતરી મળ્યા પછી, ઓરોબિંદો રિયાલિટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડે માર્ચ ૨૦૨૧ માં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) હેઠળ તેની એનજીઓ તેલંગાણા જાગૃતિને ૮૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.

સીબીઆઈના જણાવ્યા અનુસાર, તેની તપાસમાં વધુ ખુલાસો થયો છે કે જૂન-જુલાઈ ૨૦૨૧ માં કવિતાએ શરથ ચંદ્ર રેડ્ડીને તેલંગાણાના મહાબુબ નગરમાં સ્થિત એક ખેતીની જમીન માટે તેને વેચાણથી આપવા દબાણ કર્યું હતું જો કે, રેડ્ડી ઉપરોક્ત ખેતીની જમીન ખરીદવા માટે ઉત્સુક ન હતા. તેઓને ઉપ રોક્ત જમીનના મૂલ્ય વિશે પણ જાણ નહોતી. સીબીઆઈએ રેડ્ડીના નિવેદનને ટાંકીને કોર્ટને જણાવ્યું હતું કે, "કવિતાએ તેને જમીનના બદલામાં ૧૪ કરોડ રૂપિયા ચૂકવવા દબાણ કર્યું હતું અને જુલાઈ ૨૦૨૧ માં ઓરોબિંદો ગ્રુપ હેઠળ નોંધાયેલી કંપનીઓમાંની એક માહિરા વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વેચાણ કરાર કરવા દબાણ કર્યું હતું. સીબીઆઇના જણાવ્યા અનુસાર શરથ રેડ્ડી વતી કે કવિતાને બે શાખાઓમાં બેંક ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૪ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. જુલાઈ, ૨૦૨૧ માં ૭ કરોડ રૂપિયા અને નવેમ્બર ૨૦૨૧ ના મધ્યમાં ૭ કરોડ રૂપિયા. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે નવેમ્બર અને ડિસેમ્બર, ૨૦૨૧ માં, કવિતાએ શરથ રેડ્ડીને દિલ્હીમાં તેને ફાળવવામાં આવેલા પાંચ રિટેલ ઝોન માટે ૫ કરોડ રૂપિયા પ્રતિ ઝોનના દરે ૨૫ કરોડ રૂપિયા ચૂકવવા કહ્યું હતું.

## ૫ લાખ પ્રતિ કલાક સુધી પહોંચે હેલિકોપ્ટરનું ભાડું

# ચૂંટણી ટાણે હેલિકોપ્ટરના ભાવ આસમાને પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષોએ ઝંઝાવાતી પ્રચાર શરૂ કરી દીધો છે. મહત્વનું છે કે, ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે. મહત્વનું છે કે, ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે. હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે.

## ક્યાં સુધી કોંગ્રેસ પર દોષ ઢાલવતા રહેશો : પ્રિયંકા ગાંધી

# ૭૫ વર્ષથી કંઈ નથી થયું તો IIM, IIT, AIIMS ક્યાંથી આવ્યાં : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) દેહરાદૂન, તા.૧૩ ।

કોંગ્રેસના સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધી આજે ઉત્તરાખંડના રામનગર પીરુમદારામાં જનસભાને સંબોધિત કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કેન્દ્રની ભાજપ સરકારને આડે હાથ લીધી હતી અને અનેક આકરા સવાલ પૂછ્યા હતા. આજે ઉત્તરાખંડમાં પ્રિયંકા ગાંધીની બે જનસભા હતી. તેમાંથી પીરુમદારામાં તેમણે પહેલી જનસભાને સંબોધિત કરી અને ત્યારબાદ તેઓ રુડકીની જનસભા માટે રવાના થઈ ગયા હતા. પૌડી ગઢવાલ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ગણેશ ગોડિયાલના



પ્રચારને ધાર આપવા માટે પ્રિયંકા ગાંધી પીરુમદારા કિસાન ઈન્ટર કોલેજના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં ચૂંટણી જનસભાને સંબોધિત કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, ક્યાં સુધી કોંગ્રેસ પર દોષ ઢાલવતા રહેશો? છેલ્લા ૧૦ વર્ષોથી કોંગ્રેસનું રાજ નથી. ૧૦ વર્ષથી ભાજપ સંપૂર્ણ સત્તામાં છે. તેઓ કહે છે કે, ‘અબકી બાર ૪૦૦ પાર’... વધુ બહુમત જોઈએ અને સત્તા જોઈએ. તેઓ કહે છે કે, ૭૫ વર્ષમાં કંઈ થયું નથી. જો ૭૫ વર્ષમાં કંઈ નથી થયું તો ઉત્તરાખંડમાં આટલી પ્રતિભા ક્યાંથી આવી? દેશમાં IIT, IIM અને AIIMS ક્યાંથી આવ્યા...? જો પંડિત જવાહરલાલ નેહરુએ ૧૯૫૦ બાદ આ ન બનાવ્યા હોત તો શું આજે આ બધું શક્ય હતું? પ્રિયંકા ગાંધીએ આગળ કહ્યું કે, આજે દેવભૂમિ ઉત્તરાખંડની બહેનો-ભાઈઓ સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

સત્તાધિશાની ૧૬૦ કરોડના ખર્ચે બનેલી યોજના પાણીમાં

# ભાવનગરમાં નબળી નેતાગીરીના કારણે ટેન્કર રાજ હજી પણ શરૂ છે



। (એજન્સી) ભાવનગર, તા.૧૩ ।

ઉનાળાની શરૂઆત થતા જ ભાવનગર શહેરમાં પાણીનો પોકાર શરૂ થઈ ગયો છે. રાજ્યની સરકાર અને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ યોજના થકી પીવાના પાણીનું નિવારણ લાવવા માટે ૧૬૦ કરોડ રૂપિયાના ખર્ચે નર્મદાની લાઈન શહેરમાં પહોંચાડવામાં આવી છે તો મ.ન.પાયે વિવિધ વિસ્તારોમાં કરોડો રૂપિયાના ખર્ચે ૧૩ જેટલા અમૃત સરોવર બંધાવ્યા છે. પરંતુ આમ છતાં ભાવનગર શહેરમાં દર મહિને ૯૦૦ જેટલા ટેક્રરો વિવિધ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડી રહ્યા છે જેનો ખર્ચ ૨ કરોડ અને ૬૦ લાખ રૂપિયા જેવો દર મહિને ભાવનગર મહાનગર પાલિકા પાણી વિતરણ માટે ખર્ચ કરી રહી છે જેનો સીધો જ બોજો જનતાના કમર પર આવી રહ્યો છે. ભાવનગર શહેરમાં પીવાના પાણીનો કોયડો ૩૦ વર્ષના શાસન દરમિયાન પણ સરકાર ઉકેલી શકી નથી અને દરેક વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડી શકી નથી જે ભાવનગર શહેર માટે શરમજનક બાબત કહી શકાય. ભાવનગર શહેરમાં વોટર વર્કસ વિભાગ દ્વારા ૧ લાખ ૬૦ હજાર નળ કનેક્શન નાખી દેવામાં આવ્યા પરંતુ આ નળ કનેક્શનમાં પાણી તો આવતું નથી પરંતુ નળ કનેક્શનના નામે ટેક્સ પૂરેપૂરો ઉઘરાવવામાં આવે છે.

જેના એક નહીં પરંતુ અનેક કિસ્સાઓ બહાર આવ્યા છે. ઉનાળાની શરૂઆત થતા જ દર વર્ષની પરંપરાગત મુજબ ભાવનગર શહેરમાં ટેક્રર રાજ શરૂ થતું હોય છે જેનાથી ભાવનગર શહેરમાં લોકોને પીવાના પાણી પહોંચાડી શકાય.

સોમનાથ દર્શન કરીને સોની પરિવાર કચ્છ જતો હતો

# ભુજ-ભચાઉ હાઈવે પર પુલ સાથે જીપ અથડાતાં એક જ પરિવારનાં ચારનાં મોત

## આ ગમખ્વાર અકસ્માતમાં ટેક્સીમાં સવાર એક જ પરિવારના બે ભાઈ સહિત ત્રણ લોકોના મોત નિપજ્યા છે

। (એજન્સી) ભુજ, તા.૧૩ ।

કચ્છ જિલ્લામાં ભુજ-ભચાઉ હાઈવે પર એક ગમખ્વાર અકસ્માતમાં ટેક્સીમાં સવાર એક જ પરિવારના બે ભાઈ સહિત ત્રણ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે આઠ લોકો ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં સારવાર દરમિયાન એક વ્યક્તિનું મોત થયાનું સામે આવ્યું છે. માધાપરના સોની પરિવારના સભ્યોના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો તો પંથકમાં પણ ગમગીની ફેલાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, ભુજ-ભચાઉ ધોરી માર્ગ પર શુક્રવારે વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં અકસ્માતની ઘટના બની હતી.



દીવ-સોમનાથથી દર્શન કરીને પરત માધાપર આવતા સોની પરિવારની તુફાન જીપકાર પધ્ધર નજીક એક પુલ સાથે અથડાઈ ગઈ હતી. કાર પસાર થતી હતી ત્યારે માર્ગ પર કૂતરું આડું ઊતર્યું અને તેને બચાવવા જતાં જીપકાર ડાબી તરફના પુલિયાની દીવાલ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. જેના પગલે જીપકારમાં સવાર માધાપરના સોની પરિવારના ત્રણ સભ્યોના ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયા હતાં. જ્યારે આઠ સભ્યોને હળવાથી ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. ઘાયલોને ભુજની જીકે જનરલ અને ખાનગી હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા છે. જ્યાં સારવાર દરમિયાન એકનું મોત થયું હતું.

અકસ્માતની પ્રાથમિક માહિતીના આધારે પધ્ધર પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, અકસ્માતમાં જીવ ગુમાવનાર માધાપર ગામની બાપા દયાળુ સોસાયટીમાં રહેતા દિનેશ સુરેન્દ્ર સોની, તેમના ભાઈ મનોજ સુરેન્દ્ર સોની અને દિલીપ હિરજી સોનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સ્થળે મોતથી પરિવારમાં કલ્પાંત મચી ગયો હતા.જ્યારે અન્ય આઠ લોકોને હળવાથી ભારે પ્રકારની ઈજા પહોંચી હતી. ઘાયલોને ૧૦૮ મારફતે સરકારી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભોગ બનનાર દીવ ફરીને સોમનાથ દર્શન કરીને પરત ફરતા હોવાની પ્રાથમિક જાણકારી મળી છે.

૧૨ વાહનોની કરી નાંખી ચોરી

# સુરતના સાળા-બનેવી મોજશોખ અનેફરવા માટે ચોર બન્યા

**પોલીસે બાતમીના આધારે શાળા બનેવીને ઝડપી પાડી વાહન ચોરીના બાર ગુના ઉકેલવામાં સફળતા મળી છે**

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

પોતાના મોજશોખ માટે અને મોડી રાત્રે ફરવા માટે સુરતના અલગ અલગ વિસ્તારમાંથી કૌટુંબિક શાળા બનેવીની જોડી દ્વારા મોટરસાયકલ ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવતો હતો. પોલીસે બાતમીના આધારે શાળા બનેવીને ઝડપી પાડી વાહન ચોરીના બાર ગુના ઉકેલવામાં સફળતા મળી છે. આગામી દિવસમાં લોકસભાની ચૂંટણી આવી રહી છે એવામાં અનિચ્છનીયની ઘટનાઓ ન બને અને ભૂતકાળમાં ગુનામાં સંડોવાયેલા હોય એવા લોકોને તપાસવા માટે સુરત પોલીસે કમર કસી છે. રાત્રિ દરમિયાન ગુનેગારોને પકડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સખતમાં સખત પેટ્રોલિંગ કરવાની તથા વાહન ચેકીંગ કરવાની તેમજ આ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકીંગ કરવામાં આવતું હોય છે. આ જ રીતે ગતરોજ રાત્રે સુરતની ડીંડોલી પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે બાતમી મળી હતી કે, બે ઈસમો ચોરીના વાહન સાથે ફરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે નવાગામ સંતોષીનગર ગરનાળા ખાતેથી ચોરીના એક રોયલ એનફિલ્ડ ૩૫૦ બુલેટ સાથે બે ઈસમો પંકજ વિરેન્દ્ર દાનબહાદુર વિશ્વકર્મા અને પંકજકુમાર મહેશ ખેલાવન મિસ્ત્રી (શર્મા) ઝડપી પાડ્યા હતા.ડીંડોલી પોલીસ સ્ટેશનના રેકર્ડે ખાતરી કરતા આ બુલેટ ચોરી અંગે અજાણ્યા ઈસમ વિરૂધ્ધમા ગુનો રજિસ્ટર થયેલા હોય ઉપરોક્ત બન્ને આરોપીઓને બુલેટ ચોરીના ગુનામા અટક કરી કાયદેસરની કાર્યવાહી વધુ તપાસ શરૂ કરી હતી. ત્યારે પોલીસને જાણકારી મળી હતી કે, આ બંને પકડાયેલા ઈસમો કૌટુંબિક શાળા બનેવી છે અને રાત્રી દરમિયાન રખડવાનો શોખ હોવાને લઈને સુરતના અલગ અલગ વિસ્તારમાંથી વાહન ચોરી કરતા હોવાની વિગતો મળી હતી. પોલીસે આરોપીઓએ બીજા પણ વાહન ચોરીના ગુનાઓ કરેલાની શક્યતાઓને પગલે પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીઓને વિશ્વાસમાં લઈ યુક્તિ-પ્રયુક્તિથી આગવી ઢબે પૂછપરછ કરતા બીજા અન્ય ૧૨ વાહન ચોરીની કરેલાની કબુલાત કરી છે. જે પૈકી કુલ ૧૨ ટુ-વ્હિલર વાહનો રીકવર કરવામાં આવેલ છે. આમ સુરત શહેરના અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારના વાહન ચોરીના વણ શોધાયેલ કુલ ૧૧ ગુનાઓ શોધી કાઢી તમામ ગુનાઓનો મુદ્દામાલ રીકવર કરી છે. આરોપી કૌટુંબિક સાળા બનેવીએ મોજ શોખ તેમજ મોડી રાત્રે શહેરમાં ફરવા માટે સોસાયટીઓમાં પાર્ક કરેલા વાહનોના લોક ડુપ્લીકેટ માસ્ટર-કી વડે ખોલી વાહનની ચોરી કરી વાહન શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફેરવતા બાદમાં વાહનમાં ઈંધણ ખતમ થઈ જતા ચોરી કરેલા વાહનોને અલગ અલગ જગ્યાએ મૂકી દેતા. જોકે પોલીસે હાલ આ મામલે ગુનો દાખલ કર્યું વધુ તપાસ શરૂ કરી છે અને ભૂતકાળમાં આ પ્રકારની કોઈ ચોરીઓમાં આરોપીઓ સંડોવાયેલા છે કે તેમતે દિશામાં પણ પોલીસે ઝીણવટ ભરી રીતે તપાસ શરૂ કરી છે.

# આણંદ પોલીસે સીમ કાર્ડના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો

। (એજન્સી) આણંદ, તા.૧૩ ।

આણંદ પોલીસે સીમ કાર્ડના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ સીમ કાર્ડ અહીં એક્ટિવ કરીને દુબઈ મોકલવામાં આવતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. રુપિયાની લાલચમાં આરોપીઓ ગરે કાયદેસર સીમ કાર્ડ વેચતા હોવાનો કૌભાંડ પણ સામે આવ્યો છે.આણંદ પોલીસે સીમ કાર્ડના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. ઘટના આણંદના કરમસદમાંથી સામે આવી છે. જ્યાં એક્ટિવ કરેલા ૧૪૫ સીમ કાર્ડ દુબઈ પહોંચે તે પહેલા જ આણંદ SOG દ્વારા ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ દુબઈમાં સીમ કાર્ડ ઓનલાઈન ગેમીંગ ઝોન અને સટ્ટ બેટીંગમાં ઉપયોગમાં લેવાતા હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે બાતમીના આધારે દરોડા પાડી રામદેવપીરના મંદિર પાછળ આવેલી સોમાભાઈ રેસીડેન્સીમાંથી એક્ટિવ કરેલા ૧૪૫ અને ૧૪ જેટલા ડેબીટ કાર્ડ જપ્ત કર્યા છે. આરોપીઓએ સીમ કાર્ડ નાપાડ ખાતેથી લાવ્યા હોવાની કબુલાત કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી ૪૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે. પકડાયેલા આરોપી સીમ કાર્ડ એક્ટિવ કરી દુબઈ રહેતા તેમના મિત્રને સપ્લાય કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પૈસા કમાવવાની લાલચમાં આરોપીઓ સીમ કાર્ડ ગેરકાયદે વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે.

# સુરતના લસકાણામાં ગેસ રીફિલિંગ કૌભાંડ પકડાયું

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સુરતના વરાછા વિસ્તારમાંથી ગેરકાયદે ગેસ રીફીલીંગ કોભાંડનો મામલો હજુ સમ્યો નથી ત્યાં લસકાણા પોલીસ મથક વિસ્તારમાં રહેણાક વિસ્તારમાં ગેરકાયદે ગેસ રીફીલીંગનું કોભાંડ સામે આવ્યું છે. પોલીસે એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરતમાં ગેરકાયદેસર ગેર રીફલિંગની અનેક ઘટના બની રહી છે. ખાસ કરીને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર કે જયાં શ્રમિકો વધુ રહેતા હોય ત્યાં મોટી ગેસ ની બોટલ માંથી નાની ગેસ ની બોટલ ભરવાનો કાળો કારોબાર ચાલતો હોય છે.. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી લોકો ના જીવ પણ જોખમ માં મુકાઈ શકે છે. તેવામા સુરતના લસકાણા વિસ્તારમાં રામદેવનગર સોસાયટીમાં પારસલાલ માંગીલાલ ગુર્જર રહે છે. જે ઘરમાં જ ગેરકાયદે ગેસ રીફીલીંગ કરે છે. ગેસની મોટી બોટલમાંથી નાની બોટલોમાં ગેસ ભરી વેચાણ કરતો હતો, ૫ આરોપી પારસલાલ કોઈ પણ જાતની તકેદારી વગર ગેસ રીફીલીંગ કરતો હતો જો કોઈ દુર્ઘટના સર્જાઈ જાય તો જવાબદાર કોણ ? આ અંગે પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે જઈ આરોપી પારસલાલ માંગીલાલ ગુર્જરની ધરપકડ કરી છે. પોલીસે આરોપીના ઘરેથી અલગ અલગ કંપનીના ૪૯ જેટલા ગેસ સીલીન્ડર કબજે કર્યા છે સાથે જ ગેસ રીફીલીંગ કરવાના સાધનો અને વજનકાંટો કબજે કર્યો છેપપોલીસે કુલ ૧.૦૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચૂંટણી ફંડના નામે છેતરપિંડી કરતી ગેંગ સક્રિય થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ચૂંટણી નજીક આવતા જ હવે સાયબર ગઠિયાઓ વધુ ને વધુ સક્રિય થઈ રહ્યા છે, ત્યારે અમદાવાદમાં વધુ એક સાયબર ફ્રોડનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં સાઈબર ગઠીયાઓ ચૂંટણી ફંડના નામે લોકો પાસેથી પૈસા પડાવવાની ફરિયાદ નોંધાય છે. ફરિયાદને આધારે પોલીસે ચુંટણી પહેલા ચુંટણીફંડના નામે લોકો પાસેથી રુપિયા પડાવનારી ગેંગનાં એક સભ્યને પકડી પાડી છે. નેશનલ કોંગ્રેસ પાર્ટી એટલેકે NCP ના નામે ચુંટણી ફંડ મેળવી ટેક્સ બેનિફિટ આપવાની લાલચે લોકો સાથે છેતરપિંડી થતી હોવાની એક ફરિયાદ અમદાવાદ સાઈબર ક્રાઈમમાં નોંધાઈ હતી. પોલીસે ફરિયાદને આધારે ફ્રોડ કરનારી ગેંગનાં એક સભ્યની ધરપકડ કરી છે. જોકે પોલીસ પૂછપરછમાં આ ગેંગના સભ્યએ અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. નેચર્સ સિરિયલ પેકેજીંગ એટલે કે દ્રઝૅ ના ભળતા નામે બેંક અકાઉન્ટ ખોલી આ ગેંગ લોકો સાથે ઠગાઈ કરતી હતી. અમદાવાદ સાયબર ક્રાઈમે ગુનો નોંધી મોહમંદ આમીર શેખ નામના આરોપીની ધરપકડ કરી છે. છેલ્લા ૬ મહિનાથી એકાઉન્ટ ખોલી સોશિયલ મીડિયા પર જાહેરાત કરી લોકોના રુપિયા મેળવી ઠગાઈ આચરતા હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમે ગુનો નોંધી મોહમદ આમીરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીના બંધન બેંકના અકાઉન્ટની તપાસ કરતા નવેમ્બર ૨૦૨૩ પછી આ એકાઉન્ટમાં ૨ કરોડ ૮૦ લાખ રુપિયા જમા થયા હતા. જે રુપિયાના બદલે આરોપી ૧૦ ટકા રકમ મેળવી અન્ય રુપિયા પરત આપતા અને દ્રઝૅ ના નામે બનાવટી પહોંચ પણ આપતા હતા. જેથી લોકો તેને હકીકત માની ચુંટણી ફંડના નામે રકમ આપતા હોવાનો ખુલાસો થયો છે. આ ગુનામાં વપરાયેલુ એકાઉન્ટ અન્ય એક વ્યક્તિને નોકરી આપવાના બહાને ખોલાવ્યુ હતુ અને તેનો ઉપયોગ છેતરપિંડીમાં થયો હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપી મોહમ્મદ આમીરની પુછપરછ કરતા સામે આવ્યુ કે તે ખાનગી ફાયનાન્સ કંપનીમાં ડિમેટ એકાઉન્ટ ખોલવાનુ કામ કરે છે.

**વિશેષ** આવકવેરા, લીડ બેંક, એસજીએસટી, સીજીએસટી, કાયદો-વ્યવસ્થા, એમસીએમસી સહિતના નોડલ ઓફિસરોની ઉપસ્થિતિમાં ખર્ચ નિરીક્ષણ અંગેની વિસ્તૃત ચર્ચા થઈ

# એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સની અધ્યક્ષતામાં ચૂંટણી ખર્ચ સાથે સંબંધિત નોડલ અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ

**૭-અમદાવાદ પૂર્વ બેઠકના એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર સુશ્રી સીતા શ્રીવાસ્તવ તથા ૮ - અમદાવાદ પશ્ચિમ બેઠકના એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર સુશ્રી ક્રાંતિ યાદવે ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા થનાર ખર્ચની નોંધણી માટે જરૂરી માર્ગદર્શન આપ્યું**

અમદાવાદ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪નું જાહેરનામું પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. ચૂંટણી નિરીક્ષકશ્રી અને ખર્ચ નિરીક્ષકશ્રીઓ જિલ્લામાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ૭-અમદાવાદ પૂર્વ બેઠકના એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર સુશ્રી સીતા શ્રીવાસ્તવ તથા ૮ - અમદાવાદ પશ્ચિમ બેઠકના એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર સુશ્રી ક્રાંતિ યાદવની અધ્યક્ષતામાં અમદાવાદમાં જિલ્લા પંચાયત કચેરી ખાતે ચૂંટણી ખર્ચ સાથે સંબંધિત નોડલ અધિકારીશ્રીઓ સાથેની બેઠક યોજાઈ ગઈ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અને ૭-અમદાવાદ પૂર્વના રિટર્નિંગ ઑફિસર શ્રી વિદેહ ખરે અને રિજનલ કમિશનર ઑફ મ્યુનિસિપાલિટીઝ તથા એક્સપેન્ડિચર મોનિટરિંગ સેલના વડા શ્રી રવીન્દ્ર ખતાલે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગમાં આવકવેરા, લીડ બેંક, એસજીએસટી, સીજીએસટી, કાયદો અને વ્યવસ્થા, એમસીએમસી સહિતના નોડલ ઓફિસરોની ઉપસ્થિતિમાં ખર્ચ નિરીક્ષણ અંગેની વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી.







એક્સપેન્ડિચર ઓબ્ઝર્વર્સ દ્વારા ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા થનાર ખર્ચની નોંધણી માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ બેઠકમાં ખર્ચ નોડલ અધિકારી સહિતના નોડલ અધિકારીઓ દ્વારા અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ બેઠકોમાં કરવામાં આવી રહેલી કામગીરી અંગે ખર્ચ નિરીક્ષકોને અવગત કરવામાં આવ્યા હતા. ખર્ચ નિરીક્ષકો દ્વારા આદર્શ આચારસંહિતા અમલી બન્યા પછીથી AEOs, FSTs, SSTs, MCMC, 24*7 કંટ્રોલ રૂમ જેવી ચૂંટણી ખર્ચ સાથે સંકળાયેલ વિવિધ ટીમ દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત, ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરાયેલા નોડલ ઓફિસરો તેમજ ચૂંટણી ફરજ માટે નિમાયેલા સ્ટાફ, તેમને અપાયેલ તાલીમ, શંકાસ્પદ નાણાકીય વ્યવહારો, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની તૈયારી, સ્ટેટિક/ફ્લાઈંગ સર્વેલન્સ ટીમની સંખ્યા અને સ્થળો તથા જપ્ત થયેલ હથિયારો, દારૂ, નાર્કોટિક્સ સહિતના ગેરકાયદેસર સામાનની માહિતી, સુરક્ષા માટે સી.આર.પી.એફ. કંપનીઓની તૈનાતી વગેરે બાબતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની ચર્ચા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ, ઈક્મટેક્સ, જીએસટી, બેંક, હિસાબ, મીડિયા સહિતના વિભાગોમાં વિવિધ જવાબદારીઓ સંભાળતા નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કર્ણાટકના મુખ્યમંત્રીના નિવેદનથી ખળભળાટ

# BJPએ અમારા ધારાસભ્યોને રૂ.૫૦ કરોડની આપી ઓફર : સિદ્ધારમૈયા

## અમારા નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે : કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૩ ।

ભારતીય જનતા પાર્ટી પર ફરી એક વખત બીજી પાર્ટીના ધારાસભ્યોને પોતાના પક્ષમાં જોડાવા માટે પૈસાની ઓફર આપી હોવાનો આરોપ લાગ્યો છે. આ વખતે આ આરોપ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ લગાવ્યો છે. કર્ણાટકના સીએમ એ દાવો કર્યો છે કે, લોકસભા ચૂંટણી પહેલા BJP તેમની સરકારને તોડવાનો પ્રયાસ કરી રહી છે અને રાજ્યમાં ઓપરેશન લોટસ ચલાવી રહી



છે. સીએમ સિદ્ધારમૈયાએ કહ્યું કે, બીજેપીએ સત્તારુઢ કોંગ્રેસના ધારાસભ્યોને પોતાની પાર્ટીમાં સામેલ કરવા માટે ૫૦ કરોડ રૂપિયાની ઓફર આપી હતી. તેમણે બીજેપી પર આરોપ લગાવતા કહ્યું કે, તે છેલ્લા એક વર્ષથી મારી સરકારને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે અમારા ધારાસભ્યોને ૫૦ કરોડ રૂપિયાની ઓફર આપી. તેમણે પ્રયાસ કર્યો પરંતુ તેઓ અસફળ રહ્યા.

સીએમને જ્યારે પૂછવામાં આવ્યું કે, લોકસભા ચૂંટણી હારી જવા પર કોંગ્રેસ નેતૃત્વ વાળી સરકાર પણ પડી ભાંગશે? તો તેમણે જવાબ આપ્યો કે, આ શક્ય નથી. અમારા ધારાસભ્યો અમને નહીં છોડશે. એક પણ ધારાસભ્ય અમારી પાર્ટી નહીં છોડશે. અમારા નેતૃત્વમાં કોંગ્રેસ સરકાર પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરશે.

### ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન કરશે

# બંને મતદારો વયોવૃદ્ધ છે, માટે ચૂંટણી અધિકારીઓ ૧૦૭ કિમી સફર કરશે

। (એજન્સી) ગઢચિરોલી, તા.૧૩ ।

ચૂંટણીપંચે ફરી એકવાર સાબિત કર્યુ છે કે તે દરેક મત સુધી પહોંચવા માટે કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થવા માટે તૈયાર છે. મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં બે વૃદ્ધો લોકસભા ચૂંટણીમાં તેમના ઘરેથી મતદાન કરી તે ચૂંટણી સત્તાવાળાઓએ જોખમી અને જંગલોમાંથી પસાર થતો ૧૦૭ કિમીનો દુર્ગમ માર્ગ કાપ્યો હતો. ૧૦૦ અને ૮૬ વર્ષની વયના મતદારો ગઢચિરોલી-ચિમુર મતવિસ્તારના છે, જયાં ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન કરશે. ગઢચિરોલીમાં જિલ્લા માહિતી કચેરીના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરના અને ૪૦ ટકાથી વધુ વિકલાંગતા ધરાવતા લોકોને આગામી સામાન્ય ચૂંટણીઓમાં ઘરેથી મતદાન કરવાની સુવિધા પૂરી પાડી છે. પહેલ હેઠળ ચૂંટણી અધિકારીઓએ ૧૦૦ વષીય કિશ્તૈયા મદારબોઈના અને ૮૬ વષીય કિશ્તૈયા કોમેરાના ઘરે પહોંચવા માટે અહેરીથી સિરોંચા સુધી ૧૦૭ કિલોમીટરનો પ્રવાસ કર્યો હતો.


### FCDO અનુસાર પ્રતિબંધિત દેશોની કુલ સંખ્યા ૨૪ છે

# બ્રિટનની પ્રવાસ માટે અત્યંત જોખમી દેશોની યાદીમાં પાકિસ્તાનનો સમાવેશ

## આમાં એવા દેશોનો સમાવેશ થાય છે જ્યાં પરિસ્થિતિઓ અને પ્રવાસીઓની સલામતી માટે ખતરો ઉભી કરી શકે છે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૩।

બ્રિટનની ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસએ પાકિસ્તાનને એવા દેશોની યાદીમાં સામેલ કર્યું છે જ્યાં બ્રિટિશ નાગરિકો માટે મુસાફરી કરવી અત્યંત જોખમી છે. જિયો ન્યૂઝના રિપોર્ટ અનુસાર, બ્રિટનની ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપ મેન્ટ ઓફિસ એ ચેતવણી આપી છે કે સંસ્થાએ આ યાદી અપ ડેટ કરી છે. તેમાં વધુ ૮ દેશોનો ઉમેરો થયો છે. બ્રિટનની ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ



ઓફિસ અનુસાર પ્રતિબંધિત દેશોની કુલ સંખ્યા ૨૪ છે. આમાં એવા દેશોનો સમાવેશ થાય છે જ્યાં પરિસ્થિતિઓ પ્રવાસીઓની સલામતી માટે ખતરો ઉભી કરે છે, જેમાં ઉચ્ચ અપરાધ, યુદ્ધ, આતંકવાદ, રોગ, હવામાન પરિસ્થિતિઓ અને કુદરતી આફતોનો સમાવેશ થાય છે.

બ્રિટનની ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ એ એવા દેશોને પણ આ યાદીમાં સામેલ કર્યા છે જ્યાં યુદ્ધની સ્થિતિ છે. જેમાં રશિયા, યુક્રેન, ઈઝરાયેલ, ઈરાન, સુદાન, લેબનોન, બેલારુસ અને પેલેસ્ટાઈનનો સમાવેશ થાય છે. આ સિવાય બ્રિટનની ફોરેન કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ દ્વારા બ્લેકલિસ્ટ કરાયેલા છે.



વેલિંગ્ટનમાં ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ (DSSC) ખાતે આયોજિત ૭૯મા સ્ટાફ કોર્સ માટે દીક્ષાંત સમારોહ યોજાયો.

### ઇટાલીમાં સરોગસી દ્વારા માતા-પિતા પહેલાથી જ ગેરકાયદેસર છે

# સરોગેટ પેરેન્ટહુડ એ અમાનવીય પ્રથા છે : ઇટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ જણાવ્યું હતું કે સરોગેટ પેરેન્ટહુડ એ અમાનવીય પ્રથા છે જે બાળકોને સુપરમાર્કેટ ઉત્પાદનો તરીકે વર્તે છે. આટલું જ નહીં, મેલોનીએ સંસદમાં આ માટે વિદેશ જનારાઓ સામે કેસ ચલાવવા માટે બિલ પસાર કરવા પણ કહ્યું હતું.તમને જણાવી દઈએ કે ઈટાલીમાં સરોગસી દ્વારા પેરેન્ટિંગ ગેરકાનૂની છે, જેના માટે જેલ અને દંડની જોગવાઈ છે. તે જ સમયે, જ્યોર્જિયા મેલોનીના જમણેરી ગઠબંધને તેના એજન્ડાના ભાગરૂપે સરોગસી સામે વધુ કડક પ્રતિબંધો લાદવાની વાત કરી છે.મેલોનીએ એક ઈવેન્ટમાં કહ્યું કે કોઈ મને સમજાવી



શકતું નથી કે મારા ગર્ભાશયને ભાડે આપવું એ સ્વતંત્રતાનું કાર્ય છે, કોઈ મને સમજાવી શકતું નથી કે સુપરમાર્કેટમાં બાળકોને ઓવર-ધ-કાઉન્ટર પ્રોડક્ટ તરીકે લેવું એ પ્રેમનું કાર્ય છે. માલોનીએ કહ્યું કે જ્યારે હું હજુ પણ ગર્ભાશય ભાડે આપવાની પ્રથાને અમાનવીય ગણું છું, ત્યારે હું તેને સાર્વત્રિક અપરાધ બનાવવાના પ્રસ્તાવિત કાયદાનું સમર્થન કરું છું.વાસ્તવમાં, ઈટાલિયન સંસદ મેલોનીના બ્રધર્સ ઑફ ઈટાલી પક્ષ દ્વારા તૈયાર કરાયેલ એક બિલ પર ચર્ચા કરી રહી છે, જે ઈટાલિયનોને એવા દેશોમાં બાળકો પેદા કરવા પર પ્રતિબંધ મૂકશે જ્યાં સરોગસી કાયદેસર છે, જેમ કે યુએસ અને કેનેડા.જો કે, ઈટાલીના નીચલા ગૃહ ચેમ્બર અને સેનેટ દ્વારા મંજૂર કરાયેલા બિલની વિરોધ પક્ષના રાજકારણીઓ દ્વારા ટીકા કરવામાં આવી છે, જેઓ તેને LGBTQ લોકોને લક્ષ્યાંક તરીકે જુએ છે. ભૂતપૂર્વ વિદેશ પ્રધાન એમ્મા બોનીનોએ કહ્યું હતું કે આ મુદ્દાને સાર્વત્રિક પ્રતિબંધ દ્વારા નહીં, પરંતુ દાવ પરના અધિકારોને સંતુલિત કરતા નિયમન દ્વારા ઉકેલી શકાય છે.

### ભારતમાં ૩૪ કરોડ રૂપિયાની 'બ્લડ મની' એકઠી

# સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા પામેલા વ્યક્તિને બચાવવા અભિયાન

## કેરળના લોકોએ સાઉદી અરેબિયાની જેલમાં બંધ કોઝિકોડના વતનીને બચાવવા માટે ૩૪ કરોડ રૂપિયા એકઠા કર્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સાઉદી અરેબિયામાં જેલમાં બંધ એક વ્યક્તિની મુક્તિ માટે કેરળના લોકોએ ક્રાઉડ ફંડિંગ દ્વારા ૩૪ કરોડ રૂપિયા એકઠા કર્યા છે. સાઉદી અરેબિયામાં મૃત્યુદંડની સજા પામેલા કોઝિકોડના વતની અબ્દુલ રહીમને બચાવવા માટે આ નાણાં એકત્ર કરવામાં આવ્યા છે.અબ્દુલ રહીમ ૨૦૦૬માં હાઉસ ડ્રાઈવર વિઝા પર રિયાધ ગયો હતો. તેણીએ ત્યાં ડ્રાઈવિંગ કરતી વખતે એક અપંગ સાઉદી છોકરાની સંભાળ લીધી, પરંતુ છોકરાનું અકસ્માતમાં મૃત્યુ થયું. આ જ કેસમાં જેલમાં રહેલા



અબ્દુલને ૨૦૧૮માં ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. જો કે, સતત પ્રયાસો સાથે, છોકરાનો પરિવાર અબ્દુલને માફ કરી દેશે જો તે સજાથી બચવા માટે બ્લડ મની તરીકે રૂ. ૩૪ કરોડ ચૂકવશે.અબ્દુલે લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. લીગલ એક્શન કમિટી દ્વારા એકત્ર કરવામાં આવેલી આ રકમ વિદેશ મંત્રાલય દ્વારા રિયાધમાં ભારતીય દૂતાવાસને મોકલવામાં આવશે, જેથી રહીમની મુક્તિને સરળ બનાવી શકાય. અબ્દુલ રહીમે લોકો અને કાયદાકીય સમિતિનો તેમના પ્રયાસો બદલ આભાર માન્યો. આ વ્યક્તિની મુક્તિ માટે નાણાં એકત્ર કરવા માટે સેવઅબદુલરહીમ એપ લોન્ચ કરી હતી અને તેના દ્વારા ૩૦ કરોડ રૂપિયાથી વધુ એકઠા કરવામાં આવ્યા છે. ઘણા પ્રભાવશાળી લોકો, ઉદ્યોગપતિઓ અને ઘણા સામાજિક કાર્યકરોએ ૧૮ વર્ષથી જેલમાં રહેલા અબ્દુલના ઘરે પરત ફરવા માટે ઝુંબેશ ચલાવી હતી. એક્શન કમિટીએ હવે આ દાન રોકી દીધું છે.

# ઇઝરાયલ-લેબનોન બોર્ડર પર ડઝનેક મિસાઇલો અટકાવી

## સર્વેલન્સ ફૂટેજમાં મોડી રાત્રે દૃશ્ય કેપ્ચર કરવામાં આવ્યું હતું, ઇઝરાયેલ-લેબનોન સરહદ ઉપરના આકાશમાં ડઝનેક મિસાઇલોને અટકાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઈરાન આગામી ૪૮ કલાકમાં ઈઝરાયેલ પર મોટો હુમલો કરી શકે છે. ઈઝરાયેલ તેના જૂના દુશ્મન ઈરાન સાથે એવા સમયે અથડામણ કરી રહ્યું છે જ્યારે તે ગાઝામાં હમાસ સાથે યુદ્ધ લડી રહ્યું છે. વોલ સ્ટ્રીટ જર્નલના એક અહેવાલ મુજબ ઈરાન હજુ પણ ઈઝરાયેલ પર સીધા હુમલાના રાજકીય જોખમોનું આકલન કરી રહ્યું છે. આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનની પ્રતિક્રિયા પણ સામે આવી છે. બિડેને ઈરાનને કડક ચેતવણી આપી હતી કે તેણે ઈઝરાયેલ પર હુમલો ન કરવો જોઈએ. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને આશા છે કે ઈરાન ટૂંક સમયમાં હુમલો કરશે. તેમણે તહેરાનને આ મામલે આગળ ન વધવાની ચેતવણી પણ આપી હતી.જ્યારે બિડેનને ઈરાનના ઈરાદાઓ વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે અમેરિકા ઈઝરાયેલની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. બિડેને કહ્યું કે તે માહિતી જાહેર કરશે નહીં, પરંતુ કહ્યું કે તેમને ભય છે કે હુમલો ટૂંક સમયમાં થઈ શકે છે.દરમિયાન, સર્વેલન્સ ફૂટેજમાં ચોંકાવનારી તસવીરો સામે આવી છે. ઈઝરાયેલ-લેબનોન સરહદ પર ડઝનેક મિસાઈલોને અટકાવવામાં આવી છે. સર્વેલન્સ ફૂટેજમાં મોડી રાત્રે દ્રશ્ય કેપ્ચર



કરવામાં આવ્યું હતું જ્યારે ઈઝરાયેલ-લેબનોન સરહદ ઉપરના આકાશમાં ડઝનેક મિસાઈલોને અટકાવવામાં આવી હતી. ઈઝરાયેલની સેનાએ એક નિવેદનમાં કહ્યું કે લેબનીઝ વિસ્તારમાંથી આવી રહેલી લગભગ ૪૦ મિસાઈલોની ઓળખ કરવામાં આવી છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોટાભાગની મિસાઈલોને અટકાવવામાં આવી હતી, જ્યારે બાકીની ખુલ્લા વિસ્તારોમાં પડી હતી. કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી.સીરિયાની રાજધાની દમાસ્કસમાં ઈરાની દૂતાવાસમાં ગયા અઠવાડિયે એક વરિષ્ઠ અધિકારીની હત્યા માટે બદલો લેવાની ચેતવણી મળ્યા બાદ ઈઝરાયેલે ઈરાન અથવા તેના પ્રોક્સીઓ દ્વારા હુમલાની તૈયારી કરી છે. ઈઝરાયેલે, જોકે, એપ્રિલ ૧ના હવાઈ હુમલાની જવાબદારી સ્વીકારી ન હતી, જેમાં ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના વિદેશી કુદ્સ ફોર્સના વરિષ્ઠ કમાન્ડર બ્રિગેડિયર જનરલ મોહમ્મદ રેઝા ઝાહેદી અને અન્ય છ અધિકારીઓ માર્યા ગયા હતા.ભારતે એડવાઈઝરી જારી કરી છેદરમિયાન, ભારતીય વિદેશ મંત્રાલયે ઈરાન અને ઈઝરાયેલ માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે અને તમામ ભારતીયોને આગળની સૂચના સુધી ઈરાન કે ઈઝરાયેલની મુસાફરી ન કરવાની સલાહ આપી છે. મંત્રાલયે ઈરાન અને ઈઝરાયેલમાં હાજર ભારતીયોને ભારતીય દૂતાવાસ સાથે સંપર્કમાં રહેવા અને પોતાની નોંધણી કરાવવા વિનંતી કરી છે. ઈરાન આગામી ૪૮ કલાકમાં ઈઝરાયેલ પર હુમલો કરી શકે છે તેવા અહેવાલો વચ્ચે આ એડવાઈઝરી જારી કરવામાં આવી છે. મંત્રાલયે એવા ભારતીયોને વિનંતી કરી છે જેઓ હાલમાં ઈરાન અથવા ઈઝરાયેલમાં રહે છે તેઓ ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે અને પોતાનું રજીસ્ટ્રેશન કરાવે. વિદેશ મંત્રાલયે કહ્યું, 'તેમને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સુરક્ષાને લઈને ખૂબ કાળજી રાખે અને તેમની પ્રવૃત્તિઓને ન્યૂનતમ સુધી મર્યાદિત કરે.'

# વિશ્વભરમાં હોમિયોપેથીની અસરકારકતા અને સ્વીકૃતિ વધારવા માટે વૈશ્વિક સહયોગના આહ્વાન સાથે હોમિયોપેથી સિમ્પોઝિયમનું સમાપન

## સમાપન સત્રમાં વિશ્વભરમાં હોમિયોપેથીની અસરકારકતા અને સ્વીકૃતિ વધારવા માટે સતત સંશોધન, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વૈશ્વિક સહયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો

હોમિયોપેથીની વિશ્વવ્યાપી અસરકારકતા અને સ્વીકૃતિ વધારવા માટે વૈશ્વિક સહયોગ માટેના આહ્વાન સાથે હોમિયોપેથી સિમ્પોઝિયમનું આજે નવી દિલ્હી ખાતે સમાપન થયું હતું. આ બે દિવસીય સમારંભમાં ભારતનાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ અને હોમિયોપેથી અને આયુષનાં ક્ષેત્રમાં સાત પદ્મ પુરસ્કાર વિજેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. હોમિયોપેથી સિમ્પોઝિયમમાં ૬,૦૦૦થી વધુ સહભાગીઓ, ડૉક્ટરો, વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો એક જ છત હેઠળ ઉપસ્થિત રહ્યા હતા, જેઓ હોમિયોપેથીના હેતુ માટે અર્થપૂર્ણ આદાનપ્રદાન ધરાવતા હતા. ઈવેન્ટની થીમને અનુરૂપ, "એમ્પાવરિંગ રિસર્ચ, એન્હાન્સિંગ પ્રોફિસિયન્સી ઈવેન્ટમાં હોમિયોપેથિક રિસર્ચ, ક્લિનિકલ પ્રેક્ટિસ અને માર્કેટ ઈન્સાઈટ્સ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. બીજા દિવસે રાષ્ટ્રીય હોમિયોપેથી આયોગના અધ્યક્ષ ડો. અનિલ ખુરાનાએ જણાવ્યું હતું કે, "ભારતમાં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી એ તબીબી અનુભવો વહેંચવાની અને હોમિયોપેથીના વિકાસ માટે નીતિગત મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે. સમય જતાં, સરકારી સમર્થનને કારણે, હોમિયોપેથીએ એક વિશાળ આંતરમાળખાનો વિકાસ કર્યો છે, અને ભારત આ ચિકિત્સા પદ્ધતિમાં વૈશ્વિક નેતા બની ગયું છે. અમારું માનવું છે કે જાહેર લાભમાં રૂપાંતરિત કરવા માટે પુરાવા-આધારિત સંશોધન હોમિયોપેથીની દૃશ્યતામાં વધુ વધારો કરશે."

વિવિધ સત્રો દરમિયાન, જાણીતા હોમિયોપેથી પ્રેક્ટિશનરોએ હોમિયોપેથી સાથેના મુશ્કેલ કિસ્સાઓના સંચાલન માટે તેમના અનુભવો શેર કર્યા હતા. પશુચિકિત્સકો દ્વારા પ્રાણીઓના કેસોમાં હોમિયોપેથીના સકારાત્મક પરિણામો પણ દર્શાવવામાં આવ્યા હતા. સંશોધનકારો અને વૈજ્ઞાનિકોએ તેમના દ્વારા હાથ ધરવામાં આવેલા મુખ્ય સંશોધન પ્રવૃત્તિઓના તારણો શેર કર્યા. તેમાં ટ્રાન્સલેશનલ રિસર્ચ, શિક્ષણ ક્ષેત્રમાં સુધારા, હોમિયોપેથીમાં વૈશ્વિક પરિપ્રેક્ષ્ય, હોમિયોપેથી દવાઓમાં ગુણવત્તાની ખાતરી અને આંતરશાખાકીય સંશોધન પર પેનલ ડિસ્કશન કરવામાં આવ્યા હતા. આ ચર્ચાઓએ નિષ્ણાતો, સંશોધકો, ઔદ્યોગિક પ્રતિનિધિઓ, વ્યાવસાયિક સંગઠનો અને અન્ય હિતધારકો વચ્ચે ફળદાયી સંવાદને પ્રોત્સાહન આપ્યું હતું, તેમના અનુભવો અને પડકારો વહેંચ્યા હતા તથા આ પડકારોને પહોંચી વળવા માટે જરૂરી પ્રયાસોની ચર્ચા કરી હતી. આ ચર્ચા વિચારણાને કારણે આ ક્ષેત્રોમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટેના વ્યૂહરચનાના અભિગમો પર રચનાત્મક ભલામણો કરવામાં આવી.

ઈવેન્ટ દરમિયાન ઉપસ્થિત આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ હોમિયોપેથીક સંશોધન અને પ્રેક્ટિસના ક્ષેત્રમાં તેમના અનુભવો શેર કર્યા હતા. કાઉન્સિલના વૈજ્ઞાનિકો દ્વારા ક્લિનિકલ સંશોધનના તારણોનું વર્ણન કરવામાં આવ્યું હતું, અને ચિકિત્સકોની સફળતાની વાર્તાઓએ પ્રેક્ષકોને તેમની પોતાની પ્રેક્ટિસમાં નવી વિદ્યાઓને લાગુ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને એસટીએસએચ/એમડી શિષ્યવૃત્તિ પણ એનાયત કરવામાં આવી હતી.

સમાપન સત્ર દરમિયાન, મહાનુભાવોએ હોમિયોપેથિક બિરાદરો વચ્ચે એકતા વ્યક્ત કરી હતી અને પોતપોતાના ક્ષેત્રોમાં હાથ ધરવામાં આવનાર મહત્વના મુદ્દાઓ અને કાર્યોની વહેંચણી કરી હતી. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ)ના હોમિયોપેથિક સેક્શનલ કમિટીના ચેરપર્સન અને સીસીઆરએચના ભૂતપૂર્વ ડીજી ડો. રાજ કે. મનચંદાએ આયોજકોના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, "આ પરિસંવાદમાં નિર્ણાયક પાસાંઓને આવરી લેવામાં આવ્યા છેઃ નિયમનકારી આંતરદષ્ટિ, ધોરણો, નિકાસ અને સરકારી સમર્થન. પ્રથમ, સેવાઓની ગુણવત્તાની ખાતરી કરવી, જેમાં એનએબીએચ સાથે હોમિયોપેથીક શાળાઓ અને હોસ્પિટલોને પ્રમાણિત અને માન્યતા આપવાનો સમાવેશ થાય છે. બીજું, હોમિયોપેથીક ઔષધીય ઉત્પાદનોની ગુણવત્તા જાળવવા માટે ઉચ્ચ ગુણવત્તાવાળા કાચા માલના સોર્સિંગને ધ્યાનમાં લેવાની અને વધારાના ગુણવત્તાના માપદંડો અપનાવવાની જરૂર છે. હોમિયોપેથીમાં નવીનતાઓ અને નવા વિકાસની પણ શોધ કરવામાં આવી હતી." આ પરિસંવાદનું સફળતાપૂર્વક સમાપન સત્ર સાથે સંપન્ન થયું હતું, જેમાં ઘણી જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી, જેમણે હોમિયોપેથીના ક્ષેત્રને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતાનું પુનરાવર્તન કર્યું હતું.

આઈવેન્ટમાંવિશ્વભરમાંહોમિયોપેથીનીઅસરકારકતા અને સ્વીકૃતિ વધારવા માટે સતત સંશોધન, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને વૈશ્વિક સહયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની સફળતાપૂર્વક પૂર્ણાહૂતિએ માત્ર આ ક્ષેત્રમાં થયેલી પ્રગતિને જ ઉજાગર કરી ન હતી, પરંતુ હોમિયોપેથીને હેલ્થકેરના મહત્વપૂર્ણ ભાગ તરીકે પ્રોત્સાહિત કરવાના ભવિષ્યના પ્રયાસો માટેનો માર્ગ પણ મોકળો કર્યો હતો. આ કાર્યક્રમનું સમાપન પ્રખ્યાત કલાકારોની પ્રસ્તુતીની સાથે એક સાંસ્કૃતિક સંધ્યા સાથે થઈ હતી.

## તંત્રી લેખ...

# દરેક માનવનું કર્તવ્ય છે કે તે બીજા માનવની રક્ષા કરે

માનવતા જ સૌથી મોટો ધર્મ છે. માનવ વિકાસ પ્રાથમિક કર્મયોગ છે. આજે વિશ્વમાં હાહાકાર મચ્યો છે. માનવ જ માનવના લોહીનો તરસ્યો બની ગયો છે. ગળાકાપ સ્પર્ધાએ તેને એકબીજાના શત્રુ બનાવી દીધા છે. ભૌતિકવાદ અને પદાર્થવાદે લોકોને અસહિષ્ણુ અને અમર્યાદિત બનાવી દીધા છે. આ કારણે સંસાર સળગી રહ્યો છે. તેની ઝાળથી બધા દઝાઈ રહ્યા છે. ના કોઈ સત્યને સમજવા માગે છે, ના ઈશ્વરને જોવા માગે છે. માનવ ખુદને પણ ઓળખવા નથી માગતો. એટલે કે ખુદને જ ભૂલાવી બેઠો છે. તેથી સર્વત્ર અશાંતિનો રોગ અને અવ્યવસ્થાનો ભોગછે. તેના નિદાન માટે આપણે એક છીએ એવો ભાવ દરેક માનવનો સ્વધર્મ હોવો જોઈએ. તેનો અર્થ આપણા આત્માના અનુશ્રવણથી છે. જો સંસારમાં દરેક મનુષ્ય સ્વધર્મ નિભાવે, પોતાના આત્માની વાત સાંભળે તો કોઈ વિકાર નહીં રહે, કોઈ શિકાર નહીં થાય. સૌથી પ હેલાં તો સ્વધર્મ જ માનવો જોઈએ, પછી કોઈ અન્ય ધર્મ. એમ પણ સ્વધર્મ જ હંમેશાં પોતાની નજીક રહે છે. અર્થાત આત્મા જ સૌથી મોટો ધર્મ છે. જે માનવ આત્માનો અવાજ સાંભળવાનું સામર્થ્ય ધરાવે છે, તે જ મહામાનવ છે. આત્મા સદાયથી પોકારી રહ્યો છે કે આપણે બધા એક છીએ. મન અને બુદ્ધિ અવશ્ય તેને વિચલિત કરી શકે છે. બંને દરક માનવનો ધર્મ અલગ-અલગ ગણાવે છે. જ્યારે શરીરમાં વ્યાપ્ત ચેતના માનવતાને ગ્રહણ કરે છે, જે શુદ્ઘ જીવન પદ્ઘતિ છે. માનવ માટે માનવ, આ જ આત્મયોગ છે. આ જ આત્મબોધ છે. આત્મ અનુશીલન, આત્મ નિરીક્ષમ, આત્મ સાક્ષાત્કારથી પ્રગટ થશે કે માનવ ઈશ્વરનો પ્રતિનિધિ છે. માનવ ત્યારે જ ઈશ્વરનો દૂત હોય છે, જ્યારે આત્માની નજીક હોય છે. તમામ એવો અનુભવ કરે તો માનવ-માનવના મિત્ર બની જશે. તેઓ એકબીજાના હિતેચ્છુ અને હંમેશાં સાથ આપનારા મિત્ર બની જશે. પછી આકાશ ગૂંજી ઉઠશે, આપણે એક છીએ. દુનિયાનો સૌથી મોટો ધર્મ માનવતા છે. માનવતાનો ધર્મ હશે તો નૈતિકતા, પ્રેમ, કરુણા, લાગણી, સમાનતા, ભાઈચારો બધું જ આપોઆપ આવશે. વિશ્વના બધા જ ધર્મો માનવતા શીખવે છે પરંતુ આપણે સંકુચિતતાના વાડામાં બંધાઈને બીજાને હંમેશા નિમ્ન દેખાડવાની કોશીશમાં પડ્યા છીએ. બધા ધર્મ સારા છે, બધા ધર્મ સારી શિક્ષા આપે છે, કોઈ ધર્મ ખોટો નથી, ધર્મ પર કટ્ટરતા પુર્વક અમલ કરવાથી મતભેદ અને ઝગડો થાય છે. એટલા માટે સૌથી મોટો ધર્મ માનવતા છે ભલે વ્યક્તિ કોઈ ધર્મ ને માને કે ન માને એમાં માનવતા હોવી જોઈએ. જ્યારે કોઈ જુદા જુદા ધર્મના લોકોમાં ચર્ચા થાય છે. તો આ ચર્ચા માં ઉપર ના ત્રણ-ચાર વાક્ય આપણને અચુક સાંભળવા મળે છે.

## વાતચીત સરળ છે એવું નથી કે આપણે બોલતા નથી, પરંતુ સત્ય એ છે કે બોલવું એ વાતચીત નથી



મોબાઈલે આપણી દુનિયા બદલી નાખી છે. વાત કરો, ગપસપ કરો, ઘરે બેઠા ખરીદી કરો. મનોરંજનનાં તમામ સાધનો મોબાઈલ પર ઉપલબ્ધ છે. કોરોના લોકડાઉન પછી મોબાઈલ અને લેપટોપ વધુ મહત્ત્વનાં બની ગયાં છે. વોટ્સએપને આપણી વચ્ચે આવ્યાને એક દાયકા કરતાં વધુ સમય થઈ ગયો છે. વોટ્સએપ ઉપરાંત ફેસબુક, યુટયુબ, ટિક-ટોક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર (હવે તેનું નામ એક્સ થઈ ગયું છે), સ્નેપ ચેટ વગેરે દ્વારા દરરોજ કરોડો અંગત, કૌટુંબિક, વ્યવસાયિક મેસેજ અને વીડિયોઝ એક જગ્યાએથી બીજી જગ્યાએ તરત જ પ્રસારિત થાય છે. આ તકનીકી શસ્ત્રોથી સજ્જ થયા પછી, આપણે અજાણતાં તેના વ્યસની બની ગયા અને એક વસ્તુ ગુમાવી જે આપણને સૌથી વધુ ગમે છે, વાતચીત. હવે આ એપ્સ આપણા સંપર્ક પોઈન્ટ બની ગઈ છે, જે મોબાઈલ દ્વારા હંમેશા આપણી આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. શરૂઆતમાં તેઓ એક સગવડ તરીકે આપણા જીવનમાં આવ્યાં હતાં અને હવે આપણે માટે તે આદત બની ગયાં છે અથવા તો આપણે તેમના વ્યસની બની ગયા છીએ. તેની સૌથી મોટી અસર આપણી સ્વયંસ્ફુરિત વાતચીત પર પડે છે. તેની અસર આપણી અભિવ્યક્તિ પર પડી રહી છે.

આપણી સામસામી વાતચીત સતત ઘટી રહી છે. કોરોનાના સમયગાળા દરમિયાન, આપણે ઝૂમ અને ગૂગલ મીટ દ્વારા મીટિંગ્સ કરવાનું તેમજ ભણવાનું પણ શીખ્યા છીએ અને કોરોનાના અંત પછી પણ, લોકોને એ અનુકૂળ લાગવા માંડયું છે કે જો મીટિંગ ઓનલાઈન યોજાય તો તેઓએ આવવા-જવાની પરેશાની ન સહેવી પડે. હવે આપણે એટલા સહજ બની ગયા છીએ કે સભાસ્થળે જવામાં પણ આળસ અનુભવીએ છીએ અને આપણે ભૂલી જઈએ છીએ કે ત્યાં જઈશું તો ચાર જણને મળીશું અને રૂબરૂ ચેટ કરીશું. આપણે ૨૪ કલાક એકબીજા સાથે જોડાયેલા હોવા છતાં, ડિજિટલી કનેક્ટેડ હોવા છતાં, એવું નથી લાગતું કે આપણે એકબીજાથી દૂર જઈ રહ્યા છીએ? એકબીજા પ્રત્યે લાગણીઓમાં ઘટાડો થયો છે? હવે આપણે સાથે બેસવાના સરળ નિયમો પણ ભૂલી રહ્યા છીએ. આપણે ક્યારેક સાથે મળીએ તો પણ કેટલીક અગત્યની અને કેટલીક બિનમહત્ત્વની વાતો સિવાય બીજું કશું જ નથી હોતું. એક મૌન પ્રવર્તે છે. કોઈ પોતાનો મોબાઈલ લઈને જતો રહે છે, જ્યારે કોઈ ત્યાં બેસીને મેસેજ લખવા અને વાંચવા લાગે છે. સભા પૂરી થાય છે. ધીરે ધીરે આપણને સમજાઈ રહ્યું છે કે આ એ જીવન નથી જે આપણે જીવવા ચાહતા હતા. અમારો ઉદ્દેશ્ય અમારાં માતા્નએ પિતા સાથે અમારું ભવિષ્ય ઘડવાનું સ્વપ્ર પૂરું કરવાનો હતો, પરંતુ આ કિંમતે? પ્રિયજનો અને પરિજનોથી દૂર રહીને? પરિવાર સાથે આરામથી સમય પસાર કર્યા વિના મહિનાઓ પસાર થાય છે. બાળકોની રજાઓ ક્યારે આવી અને ક્યારે જતી રહી એ પણ ખબર નથી પડતી. આમાં સૌથી વધુ નુકસાન વૃદ્ધો અને બાળકો ભોગવી રહ્યાં છે. આજે દરેક ઉંમરના લોકો ઓછાવત્તા ડિપ્રેશનથી પીડાય છે. દરરોજ એવું સાંભળવા મળે છે કે લોકોમાં એકલતા અને હતાશા વધી રહી છે. રાજસ્થાનના કોટા શહેરમાં પુખ્તવયના ઉંબરે કેટલા કિશોરોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને આ ચલણ ટૂંક સમયમાં અટકે તેમ લાગતું નથી.

---

**આ ચક્ર સંદેશાવ્યવહાર અને વાણીનું કેન્દ્ર છે, અને તે સાંભળવાની ક્રિયા, શ્રવણને પણ નિયંત્રિત કરે છે**

# સિદ્ધ નહીં તો કંઈ નહીં! પણ આંતર મલિનતાથી શુદ્ધ થઈને આપણે વિશુદ્ધ ચક્રને સક્રિય કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિશુદ્ધ ચક્ર જેને વિશુદ્ધિ અથવા ગળાના ચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે, એ માનવ શરીરમાં પાંચમું ચક્ર છે, વિશુદ્ધ એક સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ શુદ્ધિકરણ અથવા સફાઈ છે, અને આ ચક્ર માત્ર ભૌતિક સ્તરે જ નહીં, પણ આત્મા અને મનનાં શુદ્ધિકરણને રજૂ કરે છે**





આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રી નવરાત્રીનાં છઠ્ઠા દિવસે મા કાત્યાયનીને નમન કરીએ, અને આપણને સૌને આ દિશા તરફ ડગ ભરવા બાળબુદ્ધિ આપે. આ ઉપરાંત ધ્યાન ધરીને કુંડલીની જાગરણ કરનારા તમામ યોગીઓ મુનીઓને પણ પ્રણામ. આપણે રહ્યા સંસારી, ભોગ એ આપણાં જીવનનો મુખ્ય રસ છે, એમાંથી યોગ તરફ દ્રષ્ટિ એટલી આસાનીથી થઈ શકે નહીં. એટલે કે પલાઠી મારીને બેસવાથી ધ્યાન લાગે નહીં, અને એમાં પણ ભોગના જ વિચારો આવે!: ત્યારે બાકીના કલાકોમાં ધ્યાન રાખીને જાગૃતિના કેન્દ્રોને સક્રિય કરવાના છે, અને શક્તિને ઉર્ધ્વગામી બનાવવાની છે. પ્રચંડ વિદ્યુત પ્રવાહ સ્વરૂપે ન વહે, તો પણ ધીમો ધીમો પણ અંધકારને દૂર કરવા કાફી છે, એ સત્ય નજરમાં રાખી બને એટલું ધ્યાન રાખવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરીશું, તો પણ જીવન સુધરી જશે! મુલાધાર ચક્ર પર પ્રાણીમાત્રની માનસિકતા એક છે, અને એમાંથી આપણે ઉપર ઉઠવાનું છે, એવી વાત કરીએ છીએ, તો માનવી પણું કઈ રીતે અર્જિત કરી શકાય! આપણી આસપાસની દુનિયામાં જીવતા પ્રાણીઓનું નિરીક્ષણ કરીએ! અને પછી આપણી દિનચર્યાનું નિરીક્ષણ કરીએ! આ બંને વચ્ચે સ્થૂળ તફાવત તો ઘણાં છે, અને એ તો કદાચ આપણે અમલમાં મૂક્યાં પણ છે. એટલે કે પ્રાણીને ખાવા પીવાનો કોઈ સમય નિશ્ચિત હોતો નથી,એને સૂવાનો પણ સમય નિશ્ચિત નથી હોતો, એને ઊઠવાનો પણ સમય નિશ્ચિત નથી હોતો, એને શું ખાવું? શું પીવું? એનો પણ વિવેક નથી હોતો? તેમજ તેની ભોગની બધી જ ક્રિયા જાહેરમાં છે, એટલે આમ તો એને પ્રાકૃત પણ કહી શકાય!; અને આપણે આ પ્રાકૃતમાંથી સાંસ્કૃત બનવાનું છે?: સ્થૂળ રૂપે થતી આ બધી જ ક્રિયાઓ આપણે નિયમ અનુસાર કરવાની છે, એટલે કે સમયે સૂવું, સમય ઊઠવું, સમયે ખાવું, સમયે પીવું, સમયે કામ ને સમયે રામ! શું ખાવું? શું ન પીવું? એ બધું તો કરવાનું જ છે, પરંતુ વર્તન તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, અને અંદરો અંદરના વ્યવહારમાં બને એટલી નમ્રતાને અર્જીત કરી સૌની સાથે પ્રેમાળ વ્યવહાર સ્થાપિત કરવાનો છે. એની માટે જતું કરવું પડે એ જતું કરવાનું છે, સહન કરવું પડે એ સહન કરવાનું છે, આપવું પડે એ આપવાનું છે, અને ત્યાગવું પડે એને ત્યાગવાનું છે?: અને એ પણ ભાર વગર સહજ! જે આપણાથી કોઈ કાળે થતું નથી, અને એટલે જ આપણી અંદર ખૂબ મલિનતા છે, અને શુદ્ધ રહી શકતા નથી. તો આવો આજે આપણે પાંચમાં ચક્ર વિશુદ્ધ ચક્ર વિશે જાણકારી પ્રાપ્ત કરી ધ્યાન રાખીને સક્રિય કરવા પ્રયત્ન કરીએ. વિશુદ્ધ ચક્ર જેને વિશુદ્ધિ અથવા ગળાના ચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે, એ માનવ શરીરમાં પાંચમું ચક્ર છે. વિશુદ્ધ એક સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ શુદ્ધિકરણ અથવા સફાઈ છે, અને આ ચક્ર માત્ર ભૌતિક સ્તરે જ નહીં, પણ આત્મા અને મનનાં શુદ્ધિકરણને રજૂ કરે છે. તેનો હેતુ આત્મામાંથી આવતા સત્યને વ્યક્ત કરવાનો છે. આ ચક્ર સંદેશાવ્યવહાર અને વાણીનું કેન્દ્ર છે, અને તે સાંભળવાની ક્રિયા, શ્રવણને પણ નિયંત્રિત કરે છે. તે વ્યક્તિનો શક્તિ સંચારનો વ્યાપ વધારે છે, એટલે મળ્યા વગર પણ પ્રભાવિત કરી શકે છે. સોળ પાંખડીઓવાળા કમળ દ્વારા પ્રતીકાત્મકરૂપે રજૂ થતું વિશુદ્ધ ચક્ર સોળ ક્ષમતા કે ગુણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં મનુષ્ય સંભવિતપણે નિષ્ણાત બની શકે છે. જેમ કે સોળ સ્વરનું પ્રતિનિધિત્વ કરે. તેનો બીજ મંત્ર હં છે, અને રંગ વાદળી છે. તેનું તત્વ આકાશ છે. કુંડલીની જાગરણના સાત કેન્દ્રો બતાવ્યા છે, અને ત્યાં શક્તિ ગુંચળું વાળીને ચક્ર જેમ સુષુપ્ત અવસ્થામાં પડી છે. મુલાધાર ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરી પશુતામાંથી માનવી પણાના ગુણો ગ્રહણ કરી, એ જ્ઞાનને કાયમ માટે સ્મૃતિમાં અંકિત કર્યા. એટલે કે ચંદ્ર નાડી અને સૂર્ય નાડી માં વહેતી શક્તિને મધ્યસ્થ કરી, એટલે સુષુમ્ણા ને મધ્યમ નાડી પણ કહેવામાં આવે છે. ત્યાંથી શક્તિ થોડી ઉપર ઉઠી અને મુલાધાર માંથી સ્વાધિષ્ઠાનમાં ગઈ, ત્યાં પણ થોડું જાગૃત થઈ, અને ત્યાંથી મણીપુરમાં ગઈ. મણિપુરમાં સૂર્ય સાથે સંગમ કરી, તેણે સકારાત્મકતા નું એક અનેરૂ વાતાવરણ ઊભું કર્યું, અને આમ તે ખુદના જ્ઞાન અને સૂર્યના પ્રકાશથી જગમગતી બની. ત્યાંથી આગળ અનાહત ચક્રમાં તે અન્યની શક્તિ સાથે સંયોજાઈ, અને મિલનને અંતે ઉદભવતી સારી ખરાબ ભાવનાઓ પર સંયમન કર્યું. એટલે જ આપણે ત્યાં પ્રેમ નામની અદભુત લાગણીનું સ્થાન હૃદય બતાવ્યું છે. આ ચક્ર અસંતુલિત થતા ઈર્ષા, નિંદા, અપેક્ષા, ઉપેક્ષા, આગ્રહ, નિગ્રહ, અને કામને લગતી અસંખ્ય ઈચ્છા રૂપી સર્પિણી ઉદ્ભવી શકે છે, અને એ આપણા જીવનની પ્રસન્નતા તેમજ નિર્મળતા એવમ શાંતિને હણી શકે છે. પણ જો આ બધા ભાવ દૂર કરી ત્યાં આગળ સૌ માટે માન સન્માન આદર પ્રેમ એવો ભાવ ઉત્પન્ન કરી શકાય, તો આ અનાહત ચક્રમાંથી શક્તિ ઉધ્વ દિશામાં આગળ વધે છે, અને ત્યાં ઉપર જોયું તેમ કંઠમાં આવેલું વિશુદ્ધ ચક્ર કે, જે ૧૬ પાંખડી ધરાવે છે. આપણે ત્યાં સોળે કળાએ ખીલેલો ચંદ્ર, સર્વગુણ સંપન્ન, તેમજ ૧૬ કળાનો સ્વામી, કે પછી સોળ સ્વરની સાધના કરનાર, એવાં શબ્દ પ્રયોગ થતા હોય છે, જે વિશુદ્ધ ચક્રની સંતુલિતતાનું પરિણામ છે. પરંતુ આનાહત એટલે કે હૃદયમાં પડેલા વિકારો આપણાથી એમ દૂર થતા નથી અને આપણે વિશુદ્ધ ચક્ર સુધી પહોંચી શકતા નથી! તો વિશુદ્ધ ચક્ર સુધી પહોંચવા માટે બે માર્ગ છે. એક તો આપણાથી કંઈ નથી થતું એવું સ્વીકારીને કોઈ સમર્થનું શરણું સ્વીકારી લઈએ, અથવા તો ખુદ ઈશ્વરને જ પ્રાર્થના સ્વરૂપે કહીએ કે હે મા જગદંબા! હું તારા ચરણે આવી ગયો છું, હવે તું જ મને ઉપર ઉઠાવ!: આપણે ત્યાં ઘણી પ્રાર્થનાઓ પણ છે, અને સ્તુતિઓ પણ છે, એનો સહારો પણ લઈ શકાય. પરંતુ એ એમની અનુભૂતિનું ક્ષેત્ર હોવાથી આપણને એ સ્તુતિ કે પ્રાર્થના બોલતી વખતે આલહાદકતા જરૂર અનુભવાય છે, પરંતુ એની અસર લાંબો સમય રહેતી નથી. મૌલિક શબ્દોમાં પ્રાર્થના કરવાની ટેવ પાડીએ જેમકે હવાથી પાતળી, પાણીથી નિર્મળ અને પારદર્શક, અગ્નિથી તેજ, આકાશથી વિશાળ, અને પૃથ્વીથી પણ વધુ ધૈર્ય ધારણ કરી આ સમસ્ત બ્રહ્માંડનું સંચાલન કરનારી, હે મા જગદંબા તુજ આ અજ્ઞાનના અંધારાનો વિનાશ કર, તું જ તારાં વાહન એવા સિંહ કે વાઘને અમારા વિકારો દૂર કરવા કહે! હું અને મારું આ બે વૃતિના મમતામયી કાળાશ ધરાવતા વાદળાથી મારું જીવન અંધકારમય બની ગયું છે! તારી કૃપાની હેલી વરસાવી દે, આ કાળાશ દૂર કરી દે, અને તેથી હું માંથી હું હં (હમ) પર પહોંચી શકું! હમ જે વિશુદ્ધ ચક્રનો બીજ મંત્ર છે. હું માંથી હં એટલે હમ પર પહોંચવાનો મતલબ મારું મારું માંથી આપણી અથવા આપણુંની ભાવના જાગૃત થવી. તો શાસ્ત્રીય રીતે કદાચ વિશુદ્ધ ચક્ર સુધી ન પહોંચી શકીએ તો આ રીતે હૃદયને શુદ્ધ કરીને જીવંત શક્તિ પ્રવાહને આજ્ઞા ચક્ર સુધી લઈ જઈ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**પરમેશ્વરના નૈસર્ગિક ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા મા કાત્યાયનીએ સિંહ પર સવાર થઈને મહિષાસુર નો વધ કરેલા**

# આજે ચૈત્રી નવરાત્રીનો છઠ્ઠો દિવસ, માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હિન્દુ માન્યતાઓ અનુસાર, મા કાત્યાયનીની કૃપાથી, ભક્તોના તમામ શુભ કાર્યો પૂર્ણ થાય છે, જાણો માતાના જન્મ પાછળની કથા કાત્યાયનીએ મા પાર્વતીનું જ બીજું નામ છે**





સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા કરે છે અને દુઃખ વ્યક્તિની ધીરજની કસોટી કરે છે. બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય છે. જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય, કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ વાર્તા છે અને તે એ છે કે તેમના જીવનમાં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા, તેમનું ગૌરવ પણ વધ્યું. રામચરિત માનસજીમાં સાચું જ કહ્યું છે કે આ દુનિયામાં કોઈ જન્મતું નથી. વર્ચસ્વ મેળવવામાં આનંદ નથી. સુખ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થ છે. તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી. મહાન માસ્ટરોએ તેમની ધીરજને દુઃખમાં તૂટતા જોયા છે. દુઃખના વહેણમાં વરસાદી નદીના વહેણમાં નદી પર બાંધેલા બંધની જેમ ધીરજનો બંધ તૂટી જાય છે. જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે અને દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે તે જ જીવનના આ મહાન યુદ્ધમાં સાચા અર્થમાં સફળ યોદ્ધા છે. માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે. નવરાત્રિઃ આજે ચૈત્રી નવરાત્રિના છઠ્ઠા નોરતામાં નવદુર્ગાના કાત્યાયની સ્વરૂપનું પૂજન-અર્ચન થાય છે. આ દિવસે સાધકનું મન 'આજ્ઞા ચક્ર'માં સ્થિત હોય છે. શાસ્ત્રો અનુસાર આજે મા કાત્યાયનીની પૂજા કરવાનો નિયમ છે. હિન્દુ માન્યતાઓ અનુસાર, મા કાત્યાયનીની કૃપાથી, ભક્તોના તમામ શુભ કાર્યો પૂર્ણ થાય છે. જાણો માતાના જન્મ પાછળની કથા કાત્યાયનીએ મા પાર્વતીનું જ બીજું નામ છે. ઉમા, કાત્યાયની, ગૌરી, કાળી, શાકંભરી, હેમાવતી, ઈશ્વરી વગેરે નામો પણ એમના જ છે. પરમેશ્વરના નૈસર્ગિક ક્રોધમાંથી ઉત્પન્ન થયેલા મા કાત્યાયનીએ સિંહ પર સવાર થઈને મહિષાસુર નો વધ કરેલો. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં લખાયેલ મહાભાષ્યમાં પણ કાત્યાયની દેવીનો ઉલ્લેખ છે. બુદ્ધ અને જૈન ગ્રંથોમાં પણ એમનો ઉલ્લેખ છે. મા કાત્યાયની ચાર ભુજાધારી છે. જમણી તરફની બે ભુજાઓ પૈકી ઉપરની ભુજા દ્વારા માતા ભયથી મુક્તિ અપાવનારા આશિર્વાદ આપે છે. જ્યારે નીચેની ભુજા દ્વારા સાધકને વરદાન આપે છે. ડાબી બાજુએ ઉપરની ભુજામાં દુષ્ટોના વધ માટે તલવાર ધારણ કરી છેજ્યારે નીચેની ભુજામાં કમળનું પુષ્પ ધારણ કર્યું છે. મા પર સવાર છે.પૌરાણિક કાળમાં કત નામના એક મહર્ષિ હતા. એમના પુત્ર એટલે ઋષિ કાત્ય. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિદ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા. મહર્ષિ કાત્યાયને અનેક વર્ષો સુધી મા ભગવતી પરામ્બાની અતિ કઠિન ઉપાસના કરી. એમની ઈચ્છા હતી કે સાક્ષાત મા ભગવતી એમના ઘરે પુત્રી બનીને અવતાર લે. કઠિન તપસ્યાથી પ્રસન્ન થયેલા મા ભગવતીએ મહર્ષિ કાત્યાયનની ઈચ્છા પૂર્ણ કરવા માટે એમના ઘરે પુત્રી બનીને જન્મ લીધો. જ્યારે પૃથ્વી ઉપર દાનવ મહિષાસુરનો અત્યાચાર વધી ગયો. એ સમયે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ દ્વારા પોતાના તેજનો અંશ આપીને એક દેવી ઉત્પન્ન કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે આ એ જ દેવી હતા, જેમણે મહર્ષિ કાત્યાયનને ત્યાં જે પુત્રી જન્મ લીધેલો. આ દેવીની સર્વપ્રથમ પૂજા મહર્ષિ કાત્યાયને કરી. આથી એ કાત્યાયની દેવી કહેવાયા. આ કાત્યાયની દેવીએ મહિષાસુરનો વધ કર્યો હતો. તેથી જ માતા કાત્યાયનીને મહિષાસુર મર્દિની પણ કહેવામાં આવે છે. આ સિવાય માતા રાણીને રાક્ષસો અને દાનવોનો નાશ કરનાર દેવી કહેવામાં આવે છે. પૌરાણિક કથાઓ અનુસાર, મા કાત્યાયનીની પૂજા ભગવાન રામ અને શ્રી કૃષ્ણ દ્વારા પણ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને તેમના પતિ તરીકે મેળવવા માટે દેવી દુર્ગાના આ સ્વરૂપની પૂજા કરી હતી.બ્રહ્માંડમાં ધર્મ જાળવવા માટે મા દુર્ગાએ આ અવતાર લીધો હતો.નવરાત્રીના પવિત્ર તહેવારમાં આજે ચૈત્રી નવરાત્રીનું છઠ્ઠું નોરતું છે. આજે મા કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવે છે. જે ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. કહેવાય છે કે, કત નામના એક પ્રસિધ્ધ મહર્ષિ હતા. એમના પુત્ર ઋષિ કાત્ય હતા. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા હતા. તેમણે ભગવતીની ઉપાસના કરતાં ઘણા વર્ષો સુધી કઠીન તપ કર્યું હતું. એમની ઈચ્છાથીમાં ભગવતી એમના ઘરે પુત્રીના રૂપમાં જન્મ્યા હતા. માં ભગવતીએ એમની પ્રાર્થના સ્વીકારી જન્મ લીધો હતો. એમનું નામ કાત્યાયની રાખવામાં આવ્યું હતું. માં પોતાના ભક્તોને ક્યારેય નિરાશ કરતા નથી. માં કાત્યાયનીનું આ રૂપ ઘણું જ સરસ, સૌમ્ય અને મોહત છે. નવરાત્રીના આ દિવસેમાં ભગવતીની સાચા મનથી પૂજા કરવામાં આવે તો અચૂક ફળ મળે છે. ઘટ સ્થાપન કરી માતાની ઉપાસના કરવામાં આવે તો મા એમનો ખોળો ભરી દે છે. વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં વચ્ચે ચૈત્રી નવરાત્રિનું ગુણગાન મહત્ત્વ સમજવા પ્રયત્ન કરીએ છીએ.

# આ શાકભાજી વર્ષો જુની કબજિયાત દૂર કરી દેશે



શાકભાજી કેટલાય પ્રકારની હોય છે. તેમાંથી અમુક લોકોને ખૂબ જ પસંદ હોય છે, તેમાંથી અમુક વિશે જાણીએ છીએ અને અમુક શાકભાજી એવી પણ છે, જેનું નામ સાંભળ્યું તો હોય છે, પણ તેનો સ્વાદ ચાખ્યો નથી હોતો. આવી જ એક શાકભાજી છે ચિચિંડા. ચિચિંડા જોવામાં એકદમ સાપ જેવી હોય છે. તે પાતળી અને લાંબી હોય છે. લીલા રંગની આ શાકભાજીની છાલ પર સફેદ રંગની ધારી બનેલી હોય છે. એટલા માટે તે સાપની માફક દેખાય છે. ચિચિંડાને ઈંગ્લિશમાં સ્નેક ગાર્ડ કહેવાય છે. તો આવો જાણીએ તેને ખાવાના ફાયદા વિશેપચિચિંડામાં રહેલા પોષક તત્વો- તેમાં એન્ટીઓક્સિડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. એન્ટી ઈંફલેમેટરી, એન્ટી ડાયબિટિક, એન્ટી પાઈરેટિક, એન્ટી માઈક્રોબિયલ પણ હોય છે. તે તાવ, પેથોઝેંસ, બ્લડ શુગર લેવલ, ઈંફલેમેશન, ફ્રી રેડિકલ ડેમેજ વગેરેથી બચાવે છે. આ ઉપરાંત તેમાં પ્રોટીન, ફાઈબર, ફૈટ્સ, આયરન, પોટેશિયમ, મેગ્નીશિયમ, કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિન એ, બી૬, સી, ઈ અને કેટલાય પ્રકારના મિનરલ્સ પણ હોય છે. તેમાં બાયોએક્ટિવ પ્લાન્ટ કમ્પાઉંડ્સ ફેનોલિક્સ હોય છે. જે આપને સંપૂર્ણ શારીરિક અને મેન્ટલ હેલ્થ બૂસ્ટ કરે છે. ચિચિંડા એક ખૂબ જ હેલ્દી શાકભાજી છે. જો કે તેનું સેવન લોકો ઓછું કરતા હોય છે. તેમાં એન્ટી ઈંફલેમેટરી તત્વ હોય છે. જે શરીરમાં ઈંફલેમેશનની સમસ્યાને ઓછી કરે છે. જે લોકોને ડાયાબિટીઝ છે, તેમને પણ ચિચિંડાની શાકભાજીનું સેવન કરવું જોઈએ. આ શાકભાજીમાં એન્ટી ડાયબિટીક તત્વ હોય છે. જે મધુમેહને કંટ્રોલ કરે છે અને બ્લડ શુગર લેવલને કંટ્રોલમાં રાખે છે. જો આપનું પાચન તંત્ર ખરાબ રહે છે, તો આપ ચિચિંડાની શાકભાજી ખાઈ શકશો. આ ગટ હેલ્થ માટે ખૂબ જ સારી શાકભાજી છે. ફાઈબર હોવાના કારણે તે બાઉલ મૂવમેન્ટને યોગ્ય બનાવી રાખે છે. જેનાથી કબજિયાતની સમસ્યા થતી નથી. આપને કબજિયાતની ફરિયાદ રહેતી હોય તો આપ ફાઈબરથી ભરપૂર શાકભાજીનું સેવન કરો. તેમાં સ્નેક ગાર્ડ જરુરથી સામેલ કરો. ગરમીના દિવસોમાં તમે પણ ચિચિંડાની શાકભાજી બનાવીને ખાવાનું રાખો. આવું એટલા માટે કેમ કે તે શરીરને હાઈડ્રેટ બનાવી રાખે છે. તેના સેવનથી શરીરમાં પાણીની કમી થતી નથી. એટલું જ નહીં તેમાં કેલોરીની માત્રા ખૂબ જ ઓછી હોય છે. ત્યારે આવા સમયે તેનું સેવન કરવાથી વજન વધવાનું રિસ્ક રહેતું નથી.

# બાળકોમાં આ લક્ષણો જોવા મળે તો સાવધાન! હોઇ શકે છે આ બીમારી

ભારતમાં ડાયાબિટીસ એક મહામારી બની રહી છે, જેના લીધે આજે ભારત વિશ્વનું ડાયાબિટિક કેપિટલ બની ગયું છે. સામાન્ય રીતે ડાયાબિટીસ મુખ્યત્વે બે પ્રકારનો હોય છે. જેમ કે, ટાઈપ ૧ ડાયાબિટીસ અને ટાઈપ ૨ ડાયાબિટીસ. પરંતુ આ સિવાય ડાયાબિટીસના અન્ય કેટલાક પ્રકાર પણ છે. જો ટાઈપ ૧ ડાયાબિટીસની વાત કરીએ તો આ પ્રકારનો રોગ સામાન્ય રીતે બાળકોમાં વધુ જોવા મળે છે. જે શરીરમાં ઈન્સ્યુલિનની ઉણપના લીધે ઉત્પન્ન થાય છે. આ સિવાય આનુવંશિક ભિન્નતાના લીધે પણ આ રોગ થાય છે. પરંતુ હજી સુધી આ પ્રકારના ડાયાબિટીસ થવાનું સ્પષ્ટ કારણ જાણી શકાયું નથી. વિશ્વમાં ટાઈપ ૧ ડાયાબિટીસની માત્રા આશરે ૫ ટકા જોવા મળે છે. ડાયાબિટીસ એક એવો રોગ છે, જેને સાયલન્ટ કિલર પણ કહે છે. આ રોગનો ભોગ બનનાર દર્દીએ તેમના આહાર અને જીવનશૈલીનુ ખૂબ ધ્યાન રાખવું પડે છે. જોકે આ રોગ નાના બાળકોથી લઈને મોટાઓને પણ થઈ શકે છે. તો આ અંગે ડો.કિરીટભાઈ કુંબાવત પાસેથી જાણીએ કે, ડાયાબિટીસના પ્રકાર કેટલા છે, કઈ વ્યક્તિમાં વધારે જોવા મળે છે અને તેના શું લક્ષણો છે. જ્યારે ટાઈપ ૨ ડાયાબિટીસ એ સામાન્ય રીતે પુખ્તવયની વ્યક્તિમાં વધારે



જોવા મળે છે. જેમાં વ્યક્તિના શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા જરૂર કરતાં વધી જાય ત્યારે આ પ્રકારના ડાયાબિટીસની સમસ્યા સર્જાય છે. આ પ્રકારના રોગમાં વ્યક્તિના વજનમાં વધારો, ભૂખ લાગવી, તરસ લાગવી, વારંવાર પેશાબ આવવો જેવી સમસ્યા જોવા મળે છે. વધુમાં આ રોગ થવા પાછળનું કારણ વ્યક્તિની જીવનશૈલી, અનિયમિત ખાણીપીણી તથા કસરતનો અભાવ છે. વિશ્વમાં આશરે ૯૫ ટકા વ્યક્તિમાં આ પ્રકારનો રોગ જોવા મળે છે. આ સિવાય ગેસ્ટેશનલ ડાયાબિટીસ એ મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન થાય છે. મોટાભાગના કિસ્સામાં બાળ જન્મ પછી આ પ્રકારનો ડાયાબિટીસ જતો રહે છે. જ્યારે ૧૫થી ૨૦ ટકા મહિલાઓને કાયમ માટે રહી જાય છે. આ પ્રકારના રોગમાં પોલિસિસ્ટિક ઓવરી ડિસિસ મહિલાઓમાં અંડાશયમાં ગાંઠ જોવા મળે છે. જેના લીધે માસિક ધર્મમાં અનિયમિતતાની સાથે અનેક બીમારીઓની સમસ્યા પણ રહે છે. જે સામાન્ય રીતે વ્યક્તિના જિનેટિક કારણો અથવા જિનેટિક ખામીઓના લીધે ઉદ્ભવે છે. આ પ્રકારનો ડાયાબિટીસ ૧ લાખ વ્યક્તિઓમાંથી માત્ર ૧ વ્યક્તિમાં જોવા મળે છે. આ રોગ થવાનું મુખ્ય કારણ વારસાગત પરિબળ અને આનુવંશિક ભિન્નતા છે. આમ વિશ્વમાં ગેસ્ટેશનલ, ર્ઙ્કરૂ તથા અન્ય પ્રકારના ડાયાબીટીસનું પ્રમાણ આશરે ૦.૧ ટકા જેટલું છે. ટાઈપ ૧ ડાયાબિટીસ અનિયમિત ખોરાક અને પાણી, વારસાગત તથા વાયરલ રોગ દ્વારા થઈ શકે છે. જ્યારે વ્યક્તિના વજનમાં વધ-ઘટ, ઓછું કોલેસ્ટ્રોલ, ટ્રાઈગ્લિસરાઈડનું સ્તર ઊંચું હોવું, બેઠાડું જીવન, હાઈ બ્લડ પ્રેશર, વારસાગત, સ્ત્રીને PCOS થવાથી, વ્યક્તિની ઉંમર, ગર્ભાવસ્થા વગેરેમાં ટાઈપ ૨ ડાયાબિટીસ થવાની શક્યતા રહેલી છે. આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન, ૨૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને, સગર્ભાવસ્થા પહેલા વધુ વજન હોવુ વગેરેમાં ગેસ્ટેશનલ ડાયાબિટીસ થઈ શકે છે. તેમજ MODY ડાયાબિટીસ એ વ્યક્તિના જીન્સમાં થતા ફેરફારોને લીધે થઈ શકે છે.

# આટલું જાણી લેશો તો સડસડાટ વજન ઉતરશે



સવારમાં અનેક લોકો મોર્નિંગ વોક માટે જતા હોય છે. આ પાછળનું એક કારણ વજન ઉતારવાનું હોય છે. પરંતુ શું તમે જાણો છો મોર્નિંગ વોક કર્યા પછી શું ખાવું જોઈએ? તો જાણો આ વિશે વધુમાં. .મોર્નિંગ વોક હોય કે બીજી પણ એક્સેસાઈઝ હોય..તમને સારું રિઝલ્ટ ત્યારે જ મળે છે જ્યારે તમે પ્રોપર રીતે ડાયટ પર પૂરતુ ધ્યાન આપો. કેટલાક લોકો ડેઈલી સવારમાં વોક કરવા માટે જતા હોય છે. પરંતુ એ લોકોને એ વાતની જાણ નથી હોતી કે મોર્નિંગ વોક કર્યા પછી શું ખાવુ જોઈએ. આ કારણે વજન વધી જાય છે અને જોઈએ એવું પરિણામ મળતુ નથી. આ માટે સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે વોક કર્યા પછી સૌથી પહેલાં તમારે કયો ખોરાક ખાવો જોઈએ. વોક તેમજ એક્સેસાઈઝ કર્યા પછી પરસેવો વધારે આવે છે જેના કારણે કેલરી બર્ન થાય છે. આનાથી શરીરમાં પાણીની ઉણપ થઈ શકે છે. આ માટે વોક કર્યા પછી હંમેશા હુંફાળા પાણીમાં મધ અને લીંબુનો રસ નાખીને પીવાની આદત પાડો. આમ કરવાથી શરીરને તરત એનર્જી મળે છે અને વજન ઘટે પણ છે. સવારમાં ડ્રાય ફ્રૂટ્સ ખાવાની આદત પાડો. વોક કર્યા પછી તમે એક મુઠ્ઠી બદામ, અખરોટ ખાઈ શકો છો. આમાં પ્રોટીન, વિટામીન, ફાઈબર અને મિનરલ્સ હોય છે. નાસ્તા માટે ડ્રાય ફ્રૂટ્સ હેલ્ધી ઓપ્શન છે.

# કેરી ખાઇને તેની છાલ ફેંકી દો છો? આ બીમારીઓમાં છે રામબાણ ફાયદા

સામાન્ય રીતે આપણે કેરી ખાઈને તેની છાલ ફેંકી દઈએ છીએ.પરંતુ શું તમને ખબર છે કે કેરીની જેમ તેની છાલમાં પણ અનેક ફાયદાઓ રહેલા છે? તો આવો જાણી કે અનેક પોષકતત્વોથી ભરપૂર કેરીની છાલ કેટલી ઉપયોગી નીવડી શકે છે. ઉનાળાની ઋતુ આવી ગઈ છે અને આત્માને ઠંડક આપતી કેરીના રસ અને સ્વાદમાં તરબોળ થવાનો સમય આવી ગયો છે. કેરીને વિશ્વભરની સૌથી લોકપ્રિય ફળોમાં સ્થાન મળે છે અને સ્વાદિષ્ટ કેરી આરોગવાથી વધુ આનંદદાયક કંઈ હોઈ પણ ન શકે ખાસ કરીને ગુજરાતીઓ માટે. સામાન્ય રીતે આપણે કેરી ખાઈને તેની છાલ ફેંકી દઈએ છીએ. પરંતુ શું તમને ખબર છે કે કેરીની જેમ



તેની છાલમાં પણ અનેક ફાયદાઓ રહેલા છે ? તો આવો જાણી કે અનેક પોષકતત્વોથી ભરપૂર કેરીની છાલ કેટલી ઉપયોગી નીવડી શકે છે. કેરીની છાલવાળી ચા અથવા ડિટોક્સ પાણી પીવાથી શુગર લેવલને સુધારવામાં મદદ મળી શકે છે. સ્ટડી અનુસાર કેરીની છાલમાં એન્ટી-ડાયાબિટીક અસર ધરાવતા ગુણધર્મો છે. કેરીની છાલમાં જોવા મળતા સંયોજનો, જેમ કે મેંગિફેરીન, બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં અને ઈન્સ્યુલિનની સંવેદનશીલતાને સુધારવામાં મદદ કરી શકે છે. કેરીની છાલમાં મેંગિફેરીન અને બેન્ઝોફેનોન જેવા સંયોજનો હોય છે, જે જંતુનાશક ગુણધર્મો ધરાવે છે. કેરીની છાલમાંથી અર્કનો ઉપયોગ પાકને જીવાતો અને જંતુઓથી બચાવવા માટે કુદરતી જંતુનાશકો તરીકે કરી શકાય છે. આમ કેરીની છાલ કૃત્રિમ કેમિકલની જરૂરિયાત ઘટાડે છે. કેરીની છાલમાં હાજર પોલિફીનોલ્સ અને કેરોટીનોઈડ જેવા સંયોજનો ફોટોપ્રોટેક્ટીવ ગુણધર્મો ધરાવે છે. કેરીની છાલનો અર્ક લગાવવાથી ત્વચાને યુવી-પ્રેરિત નુકસાનથી બચાવવામાં અને સનબર્નનું જોખમ ઘટાડવામાં મદદ મળી શકે છે. કેરીની છાલમાં એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો સાથે બાયોએક્ટિવ કન્ટેઈન હોય છે, જે ઓરવ બેક્ટેરિયાના ડેવલપમેન્ટને રોકે છે. કેરીની છાલ ચાવવાથી અથવા માઉથવોશ ફોર્મ્યુલેશનમાં કેરીની છાલનો અર્ક વાપરવાથી ઓરલ હાઈજિનમાં સુધારો આવી શકે છે અને ડેન્ટલ કેરીઝ અને પેઢાના રોગનું જોખમ ઘટી શકે છે. કેરીની છાલમાં હાજર ફાઈબરની સારી માત્રા હૃદયની બી જેઓ ફાઈબરથી ભરપૂર ખોરાક લે છે તેમના હૃદય રોગના જોખમમાં ૪૦ ટકા ઘટાડો થયો છે. મહિલા નર્સો પર કરવામાં આવેલી અન્ય સ્ટડીમાં પણ આ વાત સામે આવી છે.મારીઓને દૂર રાખવામાં મદદગાર સાબિત થઈ શકે છે.

BOLLYWOOD NEWS FLASH

# નોકરી આપવાના બહાને પૈસા પડાવનાર વ્યક્તિની થઈ ધરપકડ




**રોહને તો ત્યાં સુધી પૂજાને કહી દીધું હતું કે તે અક્ષયકુમારની ફિલ્મ માટે સિલેક્ટ છે**

અક્ષય કુમારની કંપની કેપ ઑફ ગુડ ફિલ્મ્સમાં કામ કરતો હોવાનું જણાવનાર પ્રિન્સકુમાર રાજન અંજની કુમાર સિંહા ઉર્ફે રોહન મેહરાની હાલમાં પોલીસે ધરપકડ કરી છે. એનું કારણ એ છે કે તેણે સોશ્યલ મીડિયા ઈન્ફલુઅન્સર પૂજા આનંદાણીનો સંપર્ક કર્યો હતો. સાથે જ તેને અક્ષયકુમારની કંપનીમાં મોટી પોસ્ટ આપવાની ઑફર કરી હતી. આ સિવાય તેણે અમિતાભ બચ્ચનના ફેમસ ફોટોગ્રાફર સાથે પૂજાનું ફોટોશૂટ કરાવી આપવાની પણ લાલચ આપી હતી. જોકે એના માટે પૂજા પાસે તેણે ૬ લાખ રૂપિયા માગ્યા હતા. એથી પૂજાને કંઈ ખોટું થઈ રહ્યું હોવાની શંકા ગઈ હતી અને તેણે તરત અક્ષયકુમારના પ્રોડક્શન હાઉસ કેપ ઑફ ગુડ ફિલ્મ્સનો સંપર્ક કર્યો હતો. એથી તેને જાણ થઈ કે ત્યાં રોહન મેહરા નામનો કોઈ માણસ કામ નથી કરતો. સાથે જ નોકરી માટે ત્યાં કોઈ પણ પ્રક્રિયા નથી ચાલી રહી એવું તેને જાણવા મળ્યું હતું. પૂજા છેતરપિંડીનો ભોગ બનતાં રહી ગઈ હતી. તેણે તરત જ જુહુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. રોહને તો ત્યાં સુધી પૂજાને કહી દીધું હતું કે તે અક્ષયકુમારની આગામી ફિલ્મ માટે સિલેક્ટ થઈ ગઈ છે. પૂજાની સજાગતાથી આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

# સ્વતંત્રતા દિવસ પર સિંઘમ ૩-પુષ્પા ૨ નહીં? અજય અને રોહિતે 'લકીયર ડેટ' પર ફિલ્મ કરવાનો નિર્ણય

ભારતીય પ્રેક્ષકો અજય દેવગણ, રોહિત શેટ્ટી અને અલ્લુ અર્જુન સાથેની ટક્કર જોવા આતુર હતા. આ વખતે શેટ્ટીએ ટાઈગર શ્રોફ, અર્જુન કપૂર, કરીના કપૂર ખાન, દીપિકા પાદુકોણ અને સિમ્બા તરીકે આવતા રણવીર સિંહ જેવા વધુ સ્ટાર્સને જોડીને સિંઘમ ૩ને મોટી ફિલ્મ બનાવી છે. પરંતુ એવું લાગે છે કે બંને બોક્સ ઓફિસ પર ટકરાશે નહીં. બંને ઈવેન્ટ ફિલ્મો હોવાને કારણે આ એક સારો નિર્ણય છે. બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, રોહિત શેટ્ટી અને અજય દેવગણે પ્રોડક્શન હાઉસ સાથે



રિલીઝની તારીખને લઈને લાંબી વાતચીત કરી છે. સુપરસ્ટારે મેદાનમાં શાનદાર પર્ફોર્મન્સ આપ્યું હતું પરંતુ ફિલ્મ બોક્સ ઓફિસ પર લગભગ ટાંકી ગઈ છે. એક રિપોર્ટ અનુસાર અજય દેવગણ અને રોહિત શેટ્ટી સિંઘમ અગેઈન માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. આ જોડી તેને ૧૫ ઓગસ્ટના સપ્તાહના અંતે દર્શકો સમક્ષ રજૂ કરવા આતુર છે. પરંતુ સિંઘમ ૩ નું શૂટિંગ તેમની અપેક્ષા કરતા ધીમી ગતિએ થઈ રહ્યું છે. ફિલ્મ પર ખૂબ ધ્યાન આપવાની જરૂર છે અને બંને ગુણવત્તા સાથે સમાધાન કરવા માંગતા નથી. બંને માત્ર સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ પર તેને રિલીઝ કરવા માટે તે કરશે નહીં. એક સ્ત્રોતે જણાવ્યું હતું કે તેઓ કાગળ પર જે કલ્પના કરી છે તેની સાથે તેઓ રમવા માંગતા નથી. એવું લાગે છે કે બંનેએ Jio સ્ટુડિયો સાથે આ વિશે ખૂબ જ લાંબી ચર્ચા કરી છે.

## ફિલ્મના શૂટ દરમિયાનના રસપ્રદ કિસ્સા જણાવ્યા

# વિદ્યા બાલન જ્યારે હસવાનું શરૂ કરે, તો અમારે શૂટ રોકી દેવું પડતું : પ્રતીક ગાંધી

**પ્રતીક ગાંધી અને વિદ્યા બાલન ફેમ દો ઔર દો પ્યાર ૧૯ એપ્રિલના રોજ થઈ રહી છે**

પ્રતીક ગાંધી સૌથી પહેલા તો પોતાના આ ફિલ્મના પાત્ર વિશે અને ફિલ્મની સ્ક્રિપ્ટ વિશે વાત કરે છે, તેઓ જણાવે છે કે રૉમકૉમ જે જૉનર છે તે તેમને ખૂબ જ ગમે છે કારણકે આમાં ઘણાંબધાં ઈમોશન્સ જોડાયેલા હોય છે. આ જૉનરમાં માત્ર કૉમેડી કે માત્ર રોમેન્સ નહીં પણ અનેક ઈમોશન્સ જોડાયેલા હોય છે. આવા પાત્રોમાં ઘણાં બધા લેયર્સ હોય છે જે એક્ટ કરવા ગમે. "મને પર્સનલી આવા કૉમ્પ્લેક્સ ઈમોશન કૉમ્પ્લેક્સ જે કરન્ટ સિનારિયો છે સોસાઈટીનો એ મને એટલું જ સચોટ બતાવવામાં વધારે મજા આવે છે. હું એવું માનું છું કે જેટલું ક્લોઝર ટુ લાઈફ એટલું જ વધારે ડિફિકલ્ટ ટુ પોર્ટ્રે. જેટલું સરળ દેખાતું હોય છે એટલું જ એ ભજવવામાં અઘરું હોય છે એટલે મને એક્ટર તરીકે આવી વિવિધતા બતાવવી ગમે છે."આ આખી ફિલ્મ પ્રેમ કે દગા પર બેઝ્ડ નથી. જ્યારે મેં સ્ક્રિપ્ટ વાંચી, એનું નરેશન લીધું ત્યારે પણ મને આ ફિલ્મ એના પર આધારિત છે એવું ન લાગ્યું. આ ફિલ્મ મૂળ એના પર છે કે, કારણકે આપણે બધા હ્યૂમન્સ છીએ, થોડોક પણ પ્રેમ ઓછો મળે અને બીજેથી વધારે મળે તો આપણે ત્યાં વળી જતાં હોઈએ છીએ પછી તે વસ્તુઓ હોય વ્યક્તિ હોય કે બીજું કંઈ. જ્યાં કમ્યુનિકેશન- વાતચીત ઓછી થાય ત્યારે આ બધી વસ્તુઓ વધારે ડિફિકલ્ટ થઈ જાય. કારણકે જેમ જેમ વર્ષો વીતતા જાય, ઘણીવાર તો એવું થાય કે તમને મૂળ પ્રૉબ્લેમની પણ ખબર ન હોય, કારણકે કમ્યુનિકેશન ઓછું થતું જાય, તમે એકબીજા સાથે વાત જ નથી કરવાના. આ આખું કન્ફ્યુઝન છે આની બધી જે કૉમ્પ્લેક્સિટી છે એના પર આ આખી ફિલ્મ બેઝ્ડ છે. મને એવું લાગે છે કે કોઈપણ વસ્તુમાં ગુસ્સો, નફરત આ બધું આવે એટલે પ્રેમને લેવલઅપ કરીને આ બધાને નિમ્ન ગણાવી દેવા જોઈએ."'''ઘણીવાર એવું થતું જ હોય છે કે ઘણીબધી એવી વાતો હોય, તીખો-મીઠો ઝગડો હોય કે બીજું ઘણું બધું જે તમે કહેતા જ નથી, એવું વિચારીને કે હવે આમાં શું કહેવાનું? આ ત્યાં સુધી સામાન્ય છે જ્યાં સુધી એ નેચરલ છે પણ જો તમને લાગે કે આને કારણે કંઈ ગરબડ થઈ રહી છે ત્યારે એને ગ્રાન્ટેડ ન લેવી જોઈએ, તરત તેના પર કામ થવું જોઈએ."



# રિલીઝ થયાના વર્ષો પછી ઓટીટી પર આવી રાજકુમાર રાવની 'શાહિદ' ફિલ્મ



રાજકુમાર રાવે બોલિવૂડમાં ઘણી ફિલ્મોમાં અલગ-અલગ પાત્રો ભજવીને પોતાની એક અલગ ઓળખ બનાવી છે. તેની ફિલ્મ શાહિદને પણ લોકોએ ખૂબ પસંદ કરી હતી. જો કે આ ફિલ્મ હજુ સુધી ઓટીટી પર રિલીઝ થઈ નથી. આવી સ્થિતિમાં હવે શ્રીકાંતના ફેન્સ માટે સારા સમાચાર આવી રહ્યા છે. વર્ષો પછી આ ફિલ્મ હવે ઓટીટી પર રિલીઝ થઈ છે. રાજકુમાર રાવ આ દિવસોમાં પોતાની ફિલ્મ 'શ્રીકાંત'ને લઈને ચર્ચામાં છે. તેમની આ ફિલ્મ ટૂંક સમયમાં રિલીઝ થવાની છે. આવી સ્થિતિમાં હવે અભિનેતાના ચાહકો માટે એક સારા સમાચાર આવી રહ્યા છે. વાસ્તવમાં, ૨૦૧૩માં રિલીઝ થયેલી હંસલ મહેતા દ્વારા નિર્દેશિત ફિલ્મ 'શાહિદ' હવે ઓટીટી પર રીલિઝ થઈ ગઈ છે. આ ફિલ્મે રાજકુમાર રાવની કારકિદીમાં એક અલગ વળાંક આપ્યો. લોકોને આ ફિલ્મ ઘણી પસંદ આવી, પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કરી શકી નહીં. આ સાથે અભિનેતાને આ ફિલ્મ માટે ૬૧માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ પણ મળ્યો હતો. રાજકુમાર રાવ અભિનીત ફિલ્મ 'શાહિદ' ૨૦૧૩માં રિલીઝ થઈ હતી, જે હત્યા કરાયેલા વકીલ અને માનવાધિકાર કાર્યકર્તા શાહિદ આઝમીના જીવન પર આધારિત ફિલ્મ હતી. આ ફિલ્મમાં રાજકુમાર રાવે શાહિદ આઝમીનો રોલ કર્યો હતો. એક સત્ય ઘટના પર આધારિત આ ફિલ્મ રાજકુમાર રાવની શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક રહી છે. જો કે, આ ફિલ્મ હજુ સુધી ઓટીટી પર રિલીઝ થઈ નથી, પરંતુ હવે આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પ્રાઈમ વીડિયો પર આવી ગઈ છે. હંસલ મહેતાએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર એક ટ્વીટમાં એક સવાલ પણ પૂછ્યો છે. તેણે લખ્યું કે શાહિદ આખરે પ્રાઈમ વિડિયો પર છે, જે વર્ઝન થિયેટરમાં રિલીઝ થયું હતુ તે ક્યાંક ઉપલબ્ધ છે. આ સાથે તેણે તેને ભાડા પર કેમ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું તે અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યુ છે. તેમના સિવાય તિગ્માંશુ ધુલિયા, કેકે મેનન, પ્રબલીન સંધુ, મોહમ્મદ જીશાન અયુબ અને પ્રબલ પંજાબી રાજકુમાર રાવ સ્ટારર ફિલ્મમાં સહાયક ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ૩ કરોડથી વધુની કમાણી કરી હતી. રાજકુમાર રાવના વર્ક ળન્ટની વાત કરીએ તો તે ટૂંક સમયમાં શ્રીકાંતમાં જોવા મળશે. આ પછી તે મિસ્ટર એન્ડ મિસિસ માહી સહિત ઘણી ફિલ્મોમાં જોવા મળશે.

# અર્ચના વિદ્યા નિકેતન શાળાના બાલભવનના ભૂલકાઓ દ્વારા આંબેડકર ૧૩૩મી જન્મ જયંતિની ઉજવણી





। સુરત, તા.૧૩ ।

કમલપાર્ક, કુબેરનગર કોર્નર પાસે, વરાછા, સુરત સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળા દ્વારા બાલભવનના ભૂલકાઓ અને શિક્ષકો દ્વારા આપણા બંધારણના ઘડવૈયા ભારતરત્ન બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરી. આંબેડકરના જીવન આધારિત ચિત્રોમાં રંગકામ કરી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી સાથે-સાથે બાબા સાહેબના પહેરવેશમાં નાના-નાના ભૂલકાઓ આવી બાબા સાહેબના વિવિધ જીવન સૂત્રોનું ઉચ્ચારણ કર્યું.

# આણંદ પોલીસે સીમ કાર્ડના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો

। (એજન્સી) આણંદ, તા.૧૩ ।

આણંદ પોલીસે સીમ કાર્ડના કાળા કારોબારનો પર્દાફાશ કર્યો છે. ઘટના આણંદના કરમસદમાંથી સામે આવી છે. જ્યાં એક્ટિવ કરેલા ૧૪૫ સીમ કાર્ડ દુબઈ પહોંચે તે પહેલા જ આણંદ SOG દ્વારા ૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ દુબઈમાં સીમ કાર્ડ ઓનલાઈન ગેમીંગ ઝોન અને સટ્ટ બેટીંગમાં ઉપયોગમાં લેવાતા હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે બાતમીના આધારે દરોડા પાડી રામદેવપીરના મંદિર પાછળ આવેલી સોમાભાઈ રેસીડેન્સીમાંથી એક્ટિવ કરેલા ૧૪૫ અને ૧૪ જેટલા ડેબીટ કાર્ડ જપ્ત કર્યા છે. આરોપીઓએ સીમ કાર્ડ નાપાડ ખાતેથી લાવ્યા હોવાની કબુલાત કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી ૪૨ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે. પકડાયેલા આરોપી સીમ કાર્ડ એક્ટિવ કરી દુબઈ રહેતા તેમના મિત્રને સપ્લાય કરતા હોવાનું પણ સામે આવ્યું છે. પૈસા કમાવવાની લાલચમાં આરોપીઓ સીમ કાર્ડ ગેરકાયદે વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે.



તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

આજ રોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી પ્રો. ડૉ. કુબેરભાઈ ડિંડોર સાહેબે તેમના મતવિસ્તાર સંતરામપુર વિધાનસભા માં સમાવિષ્ટ ગામડી ગામે આયોજીત મોદી પરિવાર સભામાં ઉપસ્થિત રહી ભાજપ તરફી મતદાન કરી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ત્રીજી વાર વડાપ્રધાન બનાવવા આહવાન કર્યું. ભાજપા પ્રત્યે નાગરિકોની અપાર ચાહના જોઈ અંત્યત આનંદ થયો.આ સભામાં ઉપસ્થિત તમામ લોકોનો ઉત્સાહ અને જોશ અબ કી બાર ૪૦૦ પારની સાબિતી આપી રહ્યો હતો. આ કાર્યક્રમમાં સાથે જી.પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, એ.પી.એમ.સી. ચેરમેન અને વિધાનસભા ઈન્ચાર્જ શાંતિભાઈ પટેલ, જિલ્લા, ઉપ પ્રમુખશ્રી અંબાલાલ ભાઈ પટેલ, સંગઠનના પ્રમુખ જયંતીભાઈ પટેલ, અજયપાલ બાપુ, ગામડી ગામના સરપંચશ્રી, ગામ ના વડીલો, અગ્રણીશ્રીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા.

# મીરાએ એસેટ કેપિટલ માર્કેટ્સ એ ૧૦૦% બ્રોકરેજ શેરિંગ સાથે બિઝનેસ પાર્ટનર (અધિકૃત ભાગીદાર) પ્રોગ્રામ શરૂ કર્યો છે

। મુંબઈ, તા.૧૩ ।

મીરાએ એસેટ કેપિટલ માર્કેટ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ ૧૯ બજારોમાં વૈશ્વિક હાજરી સાથે મુખ્ય ફાયનાન્સિયલ પાવરહાઉસ માંથી એક છે, જેણે તેના અભૂતપૂર્વ : મીરાંએ એસેટ પાર્ટનર્સ'પ્રોગ્રામની રજુઆત કરી છે. આ પહેલ અમર્યાદિત કમાણીની સંભાવના, પરિવર્તનક્ષમતા અને મીરાંએ એસેટ ની વૈશ્વિક કુશળતા સાથે બિઝનેસ પાર્ટનર્સનું સશક્તિકરણ કરીને બ્રોકિંગ લેન્ડસ્કેપને ક્રાંતિકારી બનાવવા માટે સુયોજિત છે.

આ ઉદ્યોગનું પહેલું આવક શેરિંગ મોડલ બિઝનેસ પાર્ટનર્સને ૧૦૦% સુધીની ભાગીદારી સાથે ૯ અલગ-અલગ રીતે કમાવવાની તક આપે છે, જે તેમને તેમની કમાણી નોંધપાત્ર રીતે વધારવામાં મદદ કરે છે. નવ આવકના પ્રવાહો બ્રોકરેજ, **MTF (eMargin)** માંથી વ્યાજ, **Margin Pledge, DP AMC**, પ્લેજ/અનપ્લેજ ફી, **DP** સેલ ટ્રાન્ઝેક્શન ચાર્જ, એકાઉન્ટ ઓપનિંગ ફી, **DPC** અને ઓપરેટિંગ ચાર્જિસ છે.

મીરાએ એસેટ પાર્ટનર્સ' ની અદભૂત વિશેષતાએ છે કે તે એક હાઈબ્રિડ બિઝનેસ મોડલ છે. તે ડિસ્કાઉન્ટ (ફ્લેટ ફી/ઓર્ડર) અને પરંપરાગત (% વોલ્યુમ) મોડલનું મિશ્રણ છે, જે અધિકૃત વ્યક્તિઓને તેમના ગ્રાહકો માટેવિવિધ કિંમતોની યોજનાઓ બનાવવા માટે સંપૂર્ણ સુગમતા પ્રદાન કરે છે.

બીજું એક નવું પાસું છે કે મીરાંએ એસેટ પાર્ટનર્સ' સાથે બિઝનેસ પાર્ટનર્સ ને મીરાંએ એસેટ'પર કોઈ પણ રીતે નિર્ભર રહ્યા વગર તેમના ગ્રાહકોના મૂલ્યનિર્ધારિત યોજનાઓને કસ્ટમાઈઝ કરવાની શક્તિ મળશે. તેમના ગ્રાહકોની વિશેષ જરૂરિયાતો અને પસંદગીઓને અનુરૂપ ઓફરિંગ પર આ મોડલ૧૦૦% નિયંત્રણની મંજૂરી આપે છે. વધુમાં, છુપી શરતો, વચનબદ્ધ કલમો અને બિઝનેસ સ્લેબને દૂર કરી, બિઝનેસ પાર્ટનર ને સંપૂર્ણ પારદર્શિતા સાથે મજબૂત બનાવવામાં આવશે.

આ ઉપરાંત, બિઝનેસ પાર્ટનરને માલિકીના ઓનલાઈન પાર્ટનર ડેશબોર્ડ મારફતે આધુનિક ટેકનોલોજીની પોહોંચસે, જે મુલ્ય નક્કી કરવા, ગ્રાહકને શામેલ કરવા, પ્લાન કસ્ટમાઈઝ કરવા અને ક્લાઈન્ટની જીવંત સ્થિતિ અને રિપોર્ટ ટ્રેક કરવા જેવી ક્ષમતાઓ આપે છે.

# ભારત-પેરુ વેપાર સમજૂતીની વાર્તાનો ૭મો રાઉન્ડ નવી દિલ્હીમાં સંપન્ન થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારત-પેરુ વેપાર સમજૂતી માટે સાતમા તબક્કાની વાટાઘાટો ૮ એપ્રિલથી ૧૧ એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન નવી દિલ્હીમાં યોજાઈ હતી. આ ચર્ચાઓમાં એકબીજાની પ્રાથમિકતાઓ અને ચિંતાઓને સમજવાનો તથા વાટાઘાટોનાં મૂળમાં પારસ્પરિક સન્માન અને લાભ છે તેની ખાતરી કરવાનો સમાવેશ થાય છે. સાતમા રાઉન્ડની વાર્તાની શરૂઆતમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગના વાણિજ્ય સચિવ શ્રી સુનિલ બાર્થવાલે જણાવ્યું હતું કે ભારત-પેરુ રાજદ્વારી સંબંધોનો ઈતિહાસ ૧૯૬૦ના દશકાથી શરૂ થયો છે. તેમણે પેરુના વિદેશ વેપારનાં ઉપમંત્રી મહામહિમ સુશ્રી ટેરેસા સ્ટેલા મેરા ગોમેઝની ભારતની મુલાકાતનો ઉલ્લેખ કર્યો હતો અને ૯મી સીઆઈઆઈ ભારત-એલએસી કૉન્ક્લેવ દરમિયાન થયેલી દ્વિપક્ષીય ચર્ચાઓનો વાટાઘાટો ફરી શરૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શ્રી બાર્થવાલે જણાવ્યું હતું કે વાટાઘાટોનો મૂળભૂત સિદ્ધાંત એકબીજાની શક્તિઓને સમજવાનો અને સંવેદનશીલતાનો આદર કરવાનો હોવો જોઈએ. વાર્તાની પદ્ધતિઓ હિતધારકોની યોગ્ય પરામર્શમાં થી બહાર આવી શકે છે, ઉદ્યોગ અને વાટાઘાટો કરનારી ટીમો પાસેથી મળેલા પ્રતિભાવો લાભદાયક અને સંશોધનાત્મક અભિગમમાં સામેલ થવું જોઈએ. વાણિજ્ય વિભાગના મુખ્ય વાટાઘાટકાર અને અધિક સચિવ શ્રી રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, બે મહિનાની અંદર બે તબક્કાની વાટાઘાટો યોજવી એ પોતે જ બંને દેશો વચ્ચે ઊંડા આર્થિક સહકારની ઈચ્છાનો પુરાવો છે. તેમણે અસરકારક અને ઝડપી વાટાઘાટોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારતમાં પેરુના રાજદૂત એચઈઈ શ્રી જેવિયર મેન્યુઅલ પૌલિનિચ વેલાર્ડેએ ઉલ્લેખ કર્યો છે કે તાજેતરની વાટાઘાટોએ નોંધપાત્ર પાયા માટે પાયાનું કામ કર્યું છે અને ભાગીદારીને પ્રોત્સાહન આપવાની દિશામાં વાટાઘાટોના પરિણામો પર વિશ્વાસ દર્શાવ્યો છે. ભારતનાં વિદેશ મંત્રાલયનાં અધિક સચિવ શ્રી જી. વી. શ્રીનિવાસે વાટાઘાટોનો સમયગાળો ઘટાડવાનાં વિચારની પ્રશંસા કરી હતી.

# અહિંસા યાત્રા દ્વારા ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રચાર

## જૈન ધર્મનો પ્રભાવ વધારવા અને સમગ્ર દિગંબર જૈન સમાજને એક મંચ પર લાવવા હેતુ શ્રી આદિનાથ દિગંબર જૈન યુવક મંડળ દ્વારા ભવ્ય અહિંસા યાત્રાનું આયોજન




। અમદાવાદ, તા.૧૩ ।

જશોદા નગર ચોકડી ખાતે આયોજિત એક પ્રેસ વાર્તામાં શ્રી આદિનાથ દિગંબર જૈન યુવક મંડળના કમિટી મેમ્બર્સ એ જણાવ્યું હતું કે, ''૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ અમારા દ્વારા એક અહિંસા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૫૦૦૦ થી વધુ જૈનોને જોડવા માટે અમે એક અભિયાન કર્યું છે. યાત્રામાં ૩૦ થી વધુ મંદિરોનો સમાવેશ થશે અને અમારા યાત્રામાં આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ ટુ વ્હીલર્સ, ૨૦૦ થી વધુ ફોર વ્હીલર્સ, ૪૦ મોટા વાહનો અને ૫૦ ઓપન જીપ્સ ભાગ લેશે.''

ક્લબના કમિટી મેમ્બર્સ એ વધુમાં જણાવ્યું હતું કે, '' અમારા દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી મહાવીર જયંતિ ઉજવવામાં આવે છે અને અમે દર વર્ષે ભવ્ય અહિંસા યાત્રાનું આયોજન કરીયે છીએ. આ યાત્રાનો મુખ્ય હેતુ વિશ્વમાં લોકોમાં અહિંસાની ભાવના જાગૃત કરવાનો છે.આ વર્ષે અમારું ભવ્ય અહિંસા યાત્રા ૨૦ કિલોમીટરનો રૂટ બનાવીને શહેરની પરિક્રમા કરશે.જૈન ધર્મની ૧૫ વિશેષ રજૂઆતો છે જે યાત્રા દરમિયાન રજૂ કરવામાં આવશે. આ અહિંસા યાત્રા હાટકેશ્વર જૈન મંદિર, ઈસનપુર, સુખરામ નગર, ખોડિયારનગર, જૈન મિલનથી પ્રસ્થાન કરીને ભારત પાર્ટી પ્લોટ ખાતે સમાપ્ત થશે.આ યાત્રામાં પ્રસાદના ૧૦૦૦૦ પેકેટ તૈયાર કરીને યાત્રામાં જૈનો સિવાય યાત્રામાંથી પસાર થતા અન્ય સમુદાયના તમામ લોકોને વહેંચવામાં આવશે. સમાપન સમારોહ બાદ ૫૦૦૦ જૈનો માટે પ્રસાદ સ્વરૂપે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.''

# અમદાવાદમાં બોપલમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, ક્રાઈમ બ્રાંચે બે ચોરની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

થોડા દિવસ પહેલા અમદાવાદના આંબલી વિસ્તારમાંથી એક નિવૃત્ત દંપતીના ઘરેથી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ઘરફોડ ચોરી થઈ હોવાની ફરિયાદ સરખેજ પોલીસ મથકમાં નોંધાઈ હતી ફરિયાદના આધારે પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચોરી કરનાર વ્યક્તિને પકડી પાડવા કવાયત હાથ ધરી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચોરી કરનાર બે ચોરની ધરપકડ કરી છે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અનિલ ઉર્ફે બાલો અને સુરેશ ઉર્ફે સુખાની ધરપકડ કરી તેની પાસેથી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા બંને આરોપીઓ એક જ ગામના રહેવાસી છે. આરોપી સુરેશ ઉર્ફે સૂખો અગાઉ અનેક ચોરીઓને અંજામ આપી ચુક્યો છે. જેથી તેને ચોરી કરવાનો અનુભવ છે. સુરેશ ઉર્ફે સૂખાને પૈસાની જરૂર હોવાથી તેણે તેના જ ગામના અન્ય એક અનિલ ઉર્ફે બાલાનો સંપર્ક કર્યો હતો. અનિલ ઉર્ફે બાલાએ ઈકો ગાડી લોન ઉપર લીધી હતી. જેથી તેને લોનના હપ્તા ભરવા માટે પૈસાની જરૂર હતી જેને કારણે બંને આરોપીઓએ અમદાવાદ આવી ચોરી કરવાનું નક્કી કર્યું હતું. ગઈ તારીખ ૩ એપ્રિલના બપોરે આરોપી અનિલ ઉર્ફે બાલાની ઈકો ગાડીમાં બંને આરોપીઓ તેના ગામથી અમદાવાદ બોપલ પાસે આવ્યા હતા. જ્યાં બોપલ બ્રિજ નીચે ઈકો ગાડી મૂકી બંને આરોપીઓ ચાલતા બ્રિજની આજુબાજુ આવેલા બંગલાઓની રેકી કરી હતી. જે બાદ બોપલ બ્રિજ નીચે પાર્ક કરેલી ઈકો ગાડીમાં જ રાતના બે વાગ્યા સુધી સૂઈ ગયા હતા અને રાત્રે ત્રણેક વાગ્યાની આસપાસ બોપલ બ્રિજ પાસેનાં ડી માર્ટ પાસે આવેલા બંગલાઓ બહાર ઈકો ગાડી ઉભી રાખી હતી. જે બાદ અનિલ ઉર્ફે બાલો બહાર ધ્યાન રાખવા ગાડીમાં જ બેઠો જ્યારે સુરેશ ઉર્ફે સુખો તેની પાસે રહેલા લોખંડના ખાતરિયા સાથે એક બંગલાનો મુખ્ય દરવાજો તોડી બંગલાની તિજોરીમાંથી સાત હજાર રૂપિયા રોકડા તેમજ સોના ચાંદીના દાગીના ચોરી કરી પરત આવી ગયો હતો. જે બાદ બંને આરોપીઓ ઈકો ગાડીમાં પોતાના ઘરે ચાલ્યા ગયા હતા. બંને આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું કે આરોપી સુરેશ ઉર્ફે સુખો અગાઉ ભાવનગર, સોલા હાઈકોર્ટ, આનંદનગર, વડોદરા, બોટાદ સહિતના ગામોમાં ચોરી તેમજ અન્ય ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે, જ્યારે આરોપી અનિલ ઉર્ફે બાલો અગાઉ ભાવનગર ખાતે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. હાલ તો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓની ધરપકડ કરી મુદ્દામાલ કબજે કર્યો છે તેમજ આ બંને આરોપીઓએ અન્ય કોઈ જગ્યાએ ચોરીને અંજામ આપ્યો છે કે કેમ અથવા તો આ બંને લોકો સિવાય ચોરીના ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ આવેલું છે કે કેમ તેને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં વધુ ત્રણ રૂટ પર ડબલ ડેકર લાલ બસ દોડશે

। અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદીઓની સુવિધામાં નવું નજરાણું તો ઉમેરાયું છે. અમદાવાદના રસ્તા પર હવે ડબલ ડેકર એસી ઈ-બસ દોડી રહી છે, ત્યારે મુસાફરોનો પ્રતિભાવ જોઈને તંત્રએ અમદાવાદમાં વધુ ત્રણ રૂટ પર ડબલ ડેકર બસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. **AMTS** લાલ દરવાજાથી બોપલ સહિતના રૂટ પર હવે ડબલ ડેકર બસ દોડાવશે. આ સાથે જ શહેરમાં કુલ સાત રૂટ પર બે માળની બસ દોડશે. **AMTS** દ્વારા શહેરમાં વધુ ૩ રૂટ પર ડબલડેકર બસ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે તમારા મનમાં સવાલ થશે કે કયા ૩ રૂટ પર આ બસ દોડશે? તમને જણાવી દઈએ કે હયાત ચાર રૂટ ઉપરાંત લાલ દરવાજાથી બોપલ, ઈસનપુરથી રાણીપ અને વસ્ત્રાલથી લાલ દરવાજા એમ વધુ ૩ રૂટ પર ડબલડેકર બસ દોડશે. **AMTS** દ્વારા કરાયેલી જાહેરાત મુજબ તમામ ૭ ડબલડેકર બસને કાર્યરત કરી દેવાઈ છે.



છસ્ઝ દ્વારા ડબલ ડેકર બસની શરૂઆત કરવામાં આવી છે. ૩૪ વર્ષ પહેલા બંધ કરી દેવામાં આવેલી ડબલ ડેકર બસમાં ૬૦ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. મહત્વનું છે કે, આજથી ૭ જેટલી ડબલ ડેકર બસ અમદાવાદના રસ્તા પર દોડશે. ફતેહનગર, પાલડી, વા.સા. હોસ્પિટલ, સન્યાસ આશ્રમ, નટરાજ સિનેમા, ઈક્મટેક્ષ ઓફિસ, ઉસ્માન પુરા, વાડજ ટર્મિનસ, સુભાષબ્રીજ સર્કલ (આર.ટી.ઓ), પાવરહાઉસ, ચિંતામણી સોસાયટી, ઓ.એન.જી.સી.ઓફિસ, પાર્શ્વનાથનગર, (વાડજ થી ગાંધી આશ્રમ સુધી બ્રિજનું કામ ચાલુ હોવાથી હાલ પુરતું વાસણા થી વાડજ - કુલ ૭.૧૬ કિલોમીટરનો રુટ પર લાલ બસ દોડશે. ડબલ ડેકર એસી બસની વિશેષતા વિષે જણાવીએ, જેમાં યુએસબી ચાર્જ, વાઈફાઈ, રિડીંગ લાઈટ અને કમ્ફર્ટ સીટ, ૬૩ પ્લસ ડ્રાઈવરની કેપીસીટી, ચાર્જ થયા બાદ ૨૫૦ કિમી ચાલશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો. આજે તમારૂં પ્રેમ જીવન તમને આશીર્વાદ આપી રહ્યું છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. એકમેકને વધુ સારી રીતે સમજવા તમારે તમારા પ્રિયપાત્ર સાથે સમય વિતાવવાની જરૂર છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. અંગત બાબતો ઉકેલવાના તમારા અભિગમમાં ઉદાર રહો, પણ તમારી પ્રેમ અને સારસંભાળ ધરાવતા લોકોને તમારી વાણીથી નુકસાન ન પહોંચે તેનું ધ્યાન રાખજો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે. જો તમે આજે આજે પ્રેમ કરવાની તક નહીં ગુમાવો તો, આ દિવસ તમે તમારા આખા આયુષ્યમાં નહીં ભૂલી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

### ભૂકંપ પણ બેઅસર, સૌથી ઉંચા બ્રિજની ખાસિયત

# ભારતમાં બન્યો એફિલ ટાવરથી પણ ઉંચો પૂલ

**ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે**









રેલવે નવી સરકાર માટે ૧૦૦ દિવસનો એક્શન પ્લાન તૈયાર કરી રહ્યું છે. આમાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટના કટરા-બનિહાલ વિભાગનો પણ સમાવેશ થાય છે. ચિનાબ બ્રિજ આ વિભાગનો એક ભાગ છે.ભારતીય રેલવે જમ્મુ અને કાશ્મીરમાં વિશ્વનો સૌથી ઉંચો રેલ્વે બ્રિજ બનાવી રહી છે, જેનું નામ ચેનાબ બ્રિજ છે. બ્રિજનું બાંધકામ તેના અંતિમ તબક્કામાં છે.

આ બ્રિજ આ વર્ષે ખુલ્લો મુકાશે, ત્યારબાદ વાદળો વચ્ચે લોકો ટ્રેનમાં મુસાફરી કરી શકશે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ ચિનાબ બ્રિજની વિશેષતાઓ વિશે.ચિનાબ નદી પરનો પુલ નદીના પટથી ૩૫૯ મીટરની ઉંચાઈ પર બનાવવામાં આવ્યો છે. આ પુલ પેરિસના એફિલ ટાવરથી ૩૫ મીટર ઊંચો છે. ચિનાબ બ્રિજ એ એન્જિનિયરિંગની અદભૂત સિદ્ધિ છે કારણ કે તે ખૂબ જ ઊંચાઈએ આવેલા બે પર્વતોને જોડે છે. તેના દ્વારા જમ્મુ અને કાશ્મીરને રેલ દ્વારા દેશના બાકીના ભાગો સાથે જોડવામાં આવશે. બ્રિજ બનાવવા માટે ૯૩ ડેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાંથી દરેકનું વજન ૮૫ ટન છે. આ ડેક ધીમે ધીમે પુલના બંને ભાગોમાંથી સ્ટીલની કમાનો પર ફીટ કરવામાં આવે છે.

ડેક તે વસ્તુ કહેવાય છે જે પુલની ટોચ પર નાખવામાં આવે છે, જેથી તેના પર પાટા બિછાવી શકાય.રેલવે દ્વારા બનાવવામાં આવેલ ચિનાબ પુલ પર ભૂકંપ પણ બિનઅસરકારક રહેશે, ના તો વિસ્ફોટોથી તેની અસર થશે. ચિનાબ બ્રિજ બ્લાસ્ટ પ્રૂફ છે. એટલું જ નહીં પરંતુ આટલી ઉંચાઈ પર હોવા છતાં તે ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનનો સામનો કરી શકે છે.હિમાલયના સૌથી પડકારરૂપ વિસ્તારોમાં બનેલા ચિનાબ બ્રિજ પરથી ટ્રેન ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પસાર થઈ શકે છે. ૧૨૦ વર્ષથી આ પુલનું કંઈ થવાનું નથી. આવી સ્થિતિમાં, લોકો એક સદીથી વધુ સમય સુધી વાદળોની વચ્ચે મુસાફરી કરી શકશે.ચિનાબ બ્રિજ તૈયાર કરવાનું કામ કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. રેલવેએ કહ્યું કે બ્રિજને તૈયાર કરવામાં ૧૪૮૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પુલના નિર્માણ પહેલા, સ્થળ સુધી પહોંચવા માટે ૨૬ કિમી લાંબા એપ્રોચ રોડ અને ૪૦૦ મીટર લાંબી ટનલ બનાવવામાં આવી હતી.

**બહારના લોકોને આવકારવા જ પડશે**

# અમેરિકાને ઈમિગ્રન્ટ્સ વગર હવે નહીં ચાલે

## અમેરિકા તેની ઈમિગ્રેશન નીતિ ચુસ્ત બનાવશે અને બહારના લોકોને આવવા નહીં દે તો તેની ઈકોનોમીને અસર થાય તેમ છે




અમેરિકા એક એવો દેશ છે જે બહારથી આવેલા ઈમિગ્રન્ટ્સના કારણે જ વિકસ્યો છે તેમ કહી શકાય. આખી દુનિયામાંથી આવેલા લોકોએ અમેરિકામાં આવીને મહેનત કરી છે અને તેને વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ બનાવ્યો છે. અમેરિકામાં ઈમિગ્રન્ટ્સનું આગમન આજે પણ ચાલુ છે અને તાજેતરમાં તેમાં ભારે ઉછાળો આવ્યો છે. તેના કારણે યુએસની સરકાર હવે ઈમિગ્રેશનને રોકવા માટે જુદા જુદા રસ્તા વિચારી રહી છે. યુએસમાં ઈમિગ્રેશનમાં અચાનક જે તેજી આવી છે તે ૨૦૨૬ સુધી ચાલે તેવી શક્યતા છે અને તેનાથી દેશની ઈકોનોમી, લેબર માર્કેટ તથા હાઉસિંગ સેક્ટરને અસર થશે તેવું માનવામાં આવે છે. કોંગ્રેસ બજેટ ઓફિસના અહેવાલ પ્રમાણે ઈમિગ્રેશન વધવાના કારણે અમેરિકાને વધુ યુવા અને વિશાળ વર્કફોર્સ મળશે. આ લોકો મોટાભાગે ૨૫થી ૫૪ વર્ષની વયજૂથના હશે જેથી ઈકોનોમીને મોટા પ્રમાણમાં ટેકો આપી શકશે.

અમેરિકામાં લોકોની ઉંમર વધતી જાય છે તેથી કામ કરી શકે તેવા લોકો ઘટી રહ્યા છે. તેની સામે ઈમિગ્રન્ટ્સના આગમનના કારણે અર્થતંત્રને મહત્ત્વનો ટેકો મળશે. ઈમિગ્રેશન ન હોય તો અમેરિકામાં રિયલ જીડીપી ગ્રોથ મેળવવો લગભગ અશક્ય છે. પરંતુ ઈમિગ્રન્ટ્સના કારણે ૨૦૩૪માં યુએસનો રિયલ જીડીપી રેટ લગભગ બે ટકાથી ઉપર રહી શકે છે. જોકે, બહારથી અમેરિકામાં આવતા લોકોની સંખ્યા વધે તેનાથી કેટલાક નેગેટિવ પાસા પણ સર્જાય છે. જેમ કે ઈમિગ્રેશન વધવાના કારણે વેતનમાં ઘટાડો થશે. નવા ઈમિગ્રન્ટ્સ સ્કીલ્ડ ન બને અને અનુભવ ન મળે ત્યાં સુધી એવા ફિલ્ડમાં કામ કરશે જ્યાં તેમનો પગાર ઓછો હશે. તેથી તેઓ એવરેજ વેતન પર પણ પ્રેશર લાવશે. જોકે, સમય વીતવાની સાથે ઈમિગ્રન્ટ્સની સ્કીલ વધશે અને તેઓ લેબર માર્કેટમાં વધુ સારી હિસ્સેદારી કરી શકશે. અમેરિકામાં વસતી વધારાનો દર સારો એવો જળવાઈ રહ્યો હોવાથી હાઉસિંગની ઘણી ડિમાન્ડ છે. તેના કારણે રેસિડેન્શિયલ માર્કેટમાં રોકાણમાં વધારો થશે. રિયલ રેસિડેન્શિયલ ઈન્વેસ્ટમેન્ટ વધીને ૧૦.૮ ટકા થવાની શક્યતા છે. યુએસમાં મોર્ગેજ વ્યાજના દર ઘટ્યા છે અને હાઉસિંગની માંગ વધારે છે. તેથી લોકો મકાનો પાછળ ખર્ચ કરશે.

૨૦૨૫ કે ૨૬ પછી અમેરિકામાં નેટ ઈમિગ્રેશન ઘટી શકે છે. પરંતુ ૨૦૩૦ સુધી હાઉસિંગની ડિમાન્ડ વધતી રહેશે કારણ કે નવા આવેલા ઈમિગ્રન્ટ્સ શરૂઆતમાં ભાડેથી રહેશે અને પછી પોતાની માલિકીના ઘરની શોધ કરશે. કોઈ પણ દેશના અર્થતંત્રને ટેકો આપવા માટે રિયલ એસ્ટેટ સેક્ટર મહત્ત્વનું યોગદાન આપે છે. અમેરિકાના કિસ્સામાં પણ આ વાત હકીકત બનવાની છે. ૨૦૩૪ સુધીમાં અમેરિકામાં ૧૬ વર્ષથી વધારે વયના યુવાનોની સંખ્યામાં ૭૪ લાખનો વધારો થશે. તેઓ વર્ક ફોર્સમાં હિસ્સો આપશે, દેશની ઈકોનોમીને ટેકો આપશે અને હાઉસિંગની ડિમાન્ડ પણ વધારશે. તેથી અમેરિકા ભલે ઈમિગ્રેશન વિરોધી નીતિ કડક બનાવે, પરંતુ આર્થિક વૃદ્ધિ માટે યુએસને ઈમિગ્રન્ટ્સ વગર ચાલે તેમ નથી.

# ફ્રાન્સમાં ભારતીયોને ૪ વર્ષ સુધી કામ કરવાની તક



**પાસપોર્ટ માટે લાયક બનવું હોય તો ફ્રાન્સમાં રોકાણ અને એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ 3 મહિના કરતા વધારે સમયનો હોવો જોઈએ**

યુરોપના આધુનિક અને શક્તિશાળી દેશ ફ્રાન્સમાં હાઈ સ્કીલ ધરાવતા લોકોની ખાસ જરૂરિયાત છે. ભારત સહિતના દેશના લોકો ફ્રાન્સ આવીને કામ કરી શકે તે માટે ફ્રાન્સ ટેલેન્ટ પાસપોર્ટ સ્કીમ શરૂ કરવામાં આવી છે. તેના દ્વારા વિદેશી સ્કીલ્ડ વર્કર્સ ચાર વર્ષ સુધી ફ્રાન્સમાં રહીને કામ કરી શકે છે. નોન-યુરોપિયન યુનિયન દેશોના લોકો ફ્રાન્સની ઈકોનોમીને આગળ વધારવા માટે યોગદાન આપી શકે તે માટે ફ્રાન્સે **Talent Passport** શરૂ કર્યો છે. તેમાં અત્યંત ઉચ્ચ ક્વોલિટી ધરાવતા રિસર્ચરો અને આર્ટિસ્ટ ઉપરાંત સાયન્સ, સાહિત્ય, આર્ટ, શિક્ષણ અને સ્પોર્ટ્સના ક્ષેત્રની અનુભવી વ્યક્તિને ચાર વર્ષ માટે ફ્રાન્સમાં કામ કરવાની તક મળશે. આ ઉપરાંત કોઈ પણ ઉદ્યોગસાહસિક ફ્રાન્સમાં ઓછામાં ઓછા ૩૦,૦૦૦ યુરો ઈન્વેસ્ટ કરવા તૈયાર હોય તો તેને પણ તક મળશે.

આ માટે પાંચ વર્ષનો પ્રોફેશનલ અનુભવ અને માસ્ટર્સ ડિગ્રી હોવી જરૂરી છે. આમ તો ફ્રાન્સે કેટલાક રેસિડન્સી કાર્ડ માટે ભાષાની આવડતના કડક નિયમો રાખ્યા છે, પરંતુ **Talent Passport** માટે તેમાં છુટછાટ અપાઈ છે. તાજેતરમાં અન્ય રેસિડન્સી કાર્ડ માટે લેંગ્વેજના કડક નિયમો લાગુ થયા છે. તેમાં કેટલાક માટે આ લેવલ છ૧થી વધારીને **A2** કરવામાં આવ્યું છે જ્યારે કેટલાક માટે છ૨થી વધારીને **B1** કરવામાં આવ્યું છે. જોકે, ટેલેન્ટ પાસપોર્ટ ધારકોને ભાષાના ચુસ્ત બંધનો નડશે નહીં. ફ્રાન્સના ટેલેન્ટ પાસપોર્ટનો એક ફાયદો એ છે કે તેમાં પરિવારજનોને પણ સામેલ કરવામાં આવે છે. તેથી પતિ-પત્ની અને બાળકો પણ પાસપોર્ટ હોલ્ડર સાથે જોડાઈ શકે છે. આ લોકો પણ મલ્ટિ-યર રેસિડન્સ પરમિટ મળી શકે છે અને ૧૮ વર્ષથી વધુ વયના લોકો ફ્રાન્સમાં કામ કરી શકે છે. ફ્રાન્સ પહોંચ્યા પછી સ્થાનિક પોલીસ સ્ટેશનેથી આ પરમિટ મળી શકશે. આ પાસપોર્ટ માટે લાયક બનવું હોય તો ફ્રાન્સમાં રોકાણ અને એમ્પ્લોયમેન્ટ કોન્ટ્રાક્ટ ૩ મહિના કરતા વધારે સમયનો હોવો જોઈએ. હાઈ ક્વોલિફાઈડ લોકોએ ઓછામાં ઓછા એક વર્ષ માટે કોન્ટ્રાક્ટ કરવો પડશે. ફ્રાન્સ આવ્યા પછી બે મહિનામાં અરજકર્તાને મલ્ટિયર રેસિડન્સ પરમિટ મળી શકે છે જે વધુમાં વધુ ચાર વર્ષ માટે હશે અને દર ચાર વર્ષે તેને રિન્યુ કરી શકાશે. તેમાં કામનો પ્રકાર અને સેલેરી ફ્રાન્સે નક્કી કરેલા ધોરણો મુજબ હોય તે જરૂરી છે. ટેલેન્ટ પાસપોર્ટ કેટેગરીમાં સેલેરીના ધોરણ અલગ અલગ હોય છે. કર્મચારી કેવા પ્રોજેક્ટમાં કામ કરે છે તેના આધારે પગાર મિનિમમ વેતનથી લઈને ૧.૮ ગણો હોઈ શકે છે. હાઈલી ક્વોલિફાઈડ કર્મચારીએ ફ્રાન્સમાં ૧.૫ ગણો સેલેરી મેળવવો જરૂરી છે. જ્યારે કોર્પોરેટ એપોઈન્ટમેન્ટથી કામ કરનારનો પગાર લઘુતમ વેતન કરતા ઓછામાં ઓછો ત્રણ ગણો હોવો જોઈએ.

### બાબા વેંગાએ કરી છે ચોંકાવનારી આગાહી

# પૃથ્વી પર આવશે મોટું સંકટ, અનેક લોકો ગુમાવશે નોકરી

૨૦૨૪ નવા વર્ષની આજથી શરૂઆત થઈ ચૂકી છે. આવી સ્થિતિમાં ૨૦૨૪માં શું થઈ શકે છે તેની પણ ચર્ચા થઈ રહી છે. બલ્ગેરિયન બાબા વાંગાએ વર્ષ ૨૦૨૪ વિશે ઘણી ભવિષ્યવાણીઓ કરી છે. બાબા વેંગાના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૪ માં દવાના ક્ષેત્રમાં ઘણી મહત્વપૂર્ણ શોધ જોવા મળી શકે છે. અલ્ઝાઈમર અને કેન્સર જેવા રોગો માટે દવાઓ વિકસાવી શકાય એવી સ્થિતિ હશે. ૨૦૨૪ માં, બાબા બંગાની આગાહીઓ અનુસાર, રશિયન રાષ્ટ્રપતિ પુતિન પર હત્યાનો પ્રયાસ થશે. જેમાં તેમનાં જીવને જોખમ પણ છે. તો બીજી તરફ હાલમાં રશિયા યુક્રેન સાથે યુદ્ધમાં છે. આ સિવાય તેમણે યુરોપ માં આતંકવાદી ગતિવિધિઓમાં વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અન્ય એક અનુમાન મુજબ કોઈ મોટો દેશ આવતા વર્ષે પરમાણુ પરીક્ષણ કરી શકે છે. બાબા વેંગા અનુસાર, ૨૦૨૪માં મોટું આર્થિક સંકટ જોવા મળશે. તેની અસર વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પડશે. તેમનો દાવો છે કે દેવાનું સ્તર વધવાથી ભૌગોલિક રાજકીય તણાવ વધે તેવી શક્યતા છે. કેટલાક લોકો નોકરીઓ પણ ગુમાવે તેવી શક્યતા છે. તો બીજી તરફ છૈંનો પ્રભાવ વધી જ રહ્યો છે. આ ઉપરાંત વધી રહેલા ટેકનોલોજી અને સોફ્ટવેરના આક્રમણ વચ્ચે બાબા બંગાએ સાયબર હુમલામાં વધારો થવાની ચેતવણી પણ આપી હતી. ૨૦૨૪માં હેકર્સ દ્વારા પાવર ગ્રીડ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સને નિશાન બનાવવામાં આવે તેવી અપેક્ષા છે. એટલું જ નહીં બાબા વેંગાના મતે, વર્ષ ૨૦૨૪માં પૃથ્વી પર કોઈ એક મોટો ફેરફાર થશે, જે સામાન્ય રીતે લાંબા સમય સુધી ચાલતો રહેશે. પરંતુ જો તેની ઝડપ વધારે હોય તો ભયંકર કુદરતી આફત આવી શકે છે. બાબા વેંગાનાં અનુયાયીઓ દાવો કરે છે કે તેમનો જન્મ ૧૯૧૧માં થયો હતો.

# ચીન દર વર્ષે ૬૦ લાખ ગધેડાનો લઈ રહ્યું છે જીવ?

## ચીન, પાકિસ્તાન જેવા દેશોમાંથી સામાન્ય ભાવથી બમણો ભાવ અને ઘણી મોંઘી કિંમત આપીને ગધેડા ખરીદી રહ્યું છે

પોતાના કુકર્મ માટે બદનામ ચીન ગધેડાના જીવનો દુશ્મન બની ગયું છે. દર વર્ષે ૬૦ લાખ ગધેડાઓનાં મોતનું કારણ બની રહ્યું છે. વિશ્વભરમાં ગધેડા અને ખચ્ચરનું જીવન સુધારવા માટે કામ કરતી બ્રિટિશ સંસ્થા 'ધ ડોંકી સેન્ચુરી'એ એક ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. તાજેતરના અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે દર વર્ષે લગભગ ૬૦ લાખ ગધેડાઓને મારી નાખવામાં આવે છે. જેમાં સૌથી મોટો ભાગીદાર ચીન છે. ધ ડોંકી સેન્ચ્યુરીએ પોતાના રિપોર્ટમાં એમ પણ કહ્યું છે કે જે રીતે ગધેડાઓને તેમની ચામડી માટે મોતને ઘાટ ઉતારવામાં આવી રહ્યા છે અને કતલખાનામાં મોકલવામાં આવી રહ્યાં છે, જો તેને તરત જ રોકવામાં નહીં આવે તો ૫ વર્ષમાં દુનિયાભરમાં ગધેડાની કુલ સંખ્યા અત્યારના મુકાબલે અડધી થઈ જશે. રિપોર્ટ અનુસાર આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને એશિયા એવા સ્થાનો છે જ્યાં ગધેડાની સંખ્યા સૌથી ઝડપથી ઘટી રહી છે. આ દેશોમાં હજારો અને સેંકડો ગેરકાયદેસર કતલખાનાઓ ખુલ્યા છે, જે ફક્ત ગધેડાને મારી રહ્યા છે. તેમની ચામડી અને અન્ય વસ્તુઓ ગેરકાયદેસર રીતે ચીનમાં નિકાસ કરવામાં આવી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ કતલખાનાઓમાં બીમાર અને વૃદ્ધ ગધેડાનાં પણ કતલ કરવામાં આવી રહી છે. **The Donkey Sanctuary**ના **CEO** માઈક બેકર કહે છે કે જે રીતે ગધેડાની કતલ થઈ રહ્યાં છે તેનાથી તેમના અસ્તિત્વને ખતરો છે. એશિયા અને આફ્રિકન દેશોમાં ગધેડાની ગેરકાયદેસર રીતે તસ્કરી થઈ રહી છે. તેમને ઘણા દિવસો સુધી ખૂબ જ ખરાબ સ્થિતિમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવે છે. ખોરાક કે પાણી પણ ઉપલબ્ધ નથી. ઘણા લોકો રસ્તામાં તડપીને મરી જાય છે. તેમ છતાં, તે તસ્કરો માટે નફાકારક સોદો છે, કારણ કે ચામડી મૃત્યુ પછી પણ બચી રહે છે. ગધેડાની હત્યા અને તસ્કરી પાછળનું સૌથી મોટું કારણ **Ejiao** છે. જેને 'કોલા કોરી અસિની' અથવા 'ડોંકી હાઈડ ગ્લુ' પણ કહેવામાં આવે છે. ચીન ઘણી પરંપરાગત દવાઓમાં અજિયોનો ઉપયોગ કરે છે. ખાસ કરીને દવાઓ કે જે સેક્સ ડ્રાઈવ, યૌન શક્તિ અને તાકાત વધારે છે. આ સિવાય એનિમિયાથી લઈને સ્કિન કેર અને બ્યુટી પ્રોડક્ટ્સ સુધી દરેક વસ્તુમાં **Ejiao** નો ઉપયોગ થાય છે. **Ejiao**નો ઉપયોગ ચા સહિત ઘણી ખાદ્ય વસ્તુઓમાં થાય છે. **Ejiao** ગધેડાની ચામડીમાંથી કાઢવામાં આવેલા કોલેજનમાંથી બનાવવામાં આવે છે. જ્યારે ચામડીમાંથી તેને કાઢવામાં આવે છે.

# સુણોક ગામના મહાદેવના મંદિરની કાયાપલટ થશે

## કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ ઊંઝાના સુણોક ગામના મહાદેવના મંદિરની પસંદગી કરવામા આવી છે

કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ ઊંઝાના સુણોક ગામના મહાદેવના મંદિરની પસંદગી કરવામા આવી છે. ત્યારે હવે દ્વારકા, સોમનાથ, અંબાજી બાદ હવે આ મંદિરની કાયાપલટ કરવામાં આવી છે. સુણોકનું નીલકંઠ મંદિર સૂર્યમંદિરથી પણ પ્રાચીન છે. આ મંદિર હવે નવી ઓળખ મેળવશે. ઊંઝાનાના સુણોક ગામે આવેલું આ મંદિર સોલંકી યુગનું પૌરાણિક નીલકંઠ મહાદેવ મંદિર છે, જેનું નિર્માણ પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસાદ યોજનામાં નવા મંદિરોના વિકાસની જહારોત કરી છે. નવી ઓળખ કરાયેલાં સ્થાનોમાં તમિલનાડુનાં ૮, મહારાષ્ટ્ર અને બિહારનાં ૩-૩નો સમાવેશ રકાયો છે. કેન્દ્રીય પર્યટન મંત્રાલય દ્વારા દેશભરમાં ૧૭ રાજ્યોની કુલ ૨૬ નવી સાઈટ્સની ઓળખ કરાઈ છે. જે અંતર્ગત સુણોક ગામે આવેલા નીલકંઠ મહાદેવ મંદિરની પ્રસાદ યોજના હેઠળ કાયાપલટ કરાશે. આ યોજનામાં ગુજરાતમાંથી એકમાત્ર સુણોક મંદિરનો સમાવેશ કરાયો છે. આ મહાદેવ મંદિરનું સ્થાપત્ય ૧૦મી સદીનું અથવા તો મોઢેરા સૂર્યમંદિરથી લગભગ ૧૦૦ વર્ષ પ્રાચીન છે. ઊંઝા તાલુકાના સુણોક ગામે ગામના પાદરે શિલ્પસ્થાપત્ય અને વિવિધ આકર્ષક પૌરાણીક કૃતિઓથી સજ્જ નીલકંઠ મહાદેવનું સોલંકીયુગનું પ્રાચીન મંદિર આવેલ છે.

જે પાટણના સિધ્ધરાજ જયસિંહ સોલંકીએ નિર્માણ કરાવ્યું હતું. મોઢેરા સુર્યમંદિર પાટણના પૌરાણીક શિવાલયોની સાથે સોલંકીયુગમાં આ મંદિર નિર્માણ પામ્યું હતું. શ્રાવણમાસ દરમિયાન સવા લાખ બીલી શિવજીને ચડાવવામાં આવે છે. તેમજ બપોરે મધ્ય આરતી અને સાંજે સંધ્યા આરતી યોજાય છે. આ આરતીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાય છે. શિવરાત્રી એ ચાર પ્રહર પુજા સાથે શિવની નગરયાત્રા નીકળે છે. તેમજ શ્રાવણ માસ દરમિયાન ૬૦ કાવડિયા જળભરી લાવે છે. ઈ.સ. ૧૮૮૦માં બ્રિટીસ નાગરિક હેનરી આ મંદિરની મુલાકાત લઈ ફોટોગ્રાફ લીધા હતા. જે ફોટોગ્રાફ આજે પણ બ્રિટીસની લાયબ્રેરીમાં જોવા મળે છે. મંદિરની શિલ્પ સ્થાપત્ય નક્શીકામ આકર્ષક છે. મંદિર સંકુલમાં હરસિધ્ધ માતાજીનું પણ મંદિર આવેલુ છે. અવશેષો અંતર્ગત પુરાતત્વખાતા દ્વારા આ મંદિરને રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યુ છે. સુણોકના આ નીલકંઠ મહાદેવના મંદિરે ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાંથી શ્રધ્ધાળુઓ દર્શન કરવા આવે છે. સુણોક ગામે આવેલ નીલકંઠ મહાદેવનું મંદિર ગામની શોભા સમાન છે.

## ન્યૂઝ બ્રિફ

### પરશોત્તમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિયો યોજશે મહાસંમેલન

। (એજન્સી) રાજકોટ, તા.૧૩ ।

રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી પરશોત્તમ રુપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ કરી રહ્યું છે. ત્યારે પરશોત્તમ રુપાલાની ટિકીટ રદ ન થતા ક્ષત્રિય સમાજ આવતીકાલે મોટું સંમેલનનું આયોજન કર્યુ છે. રાજકોટના રતનપર ખાતે રવિવારે સાંજે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી પરશોત્તમ રુપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ કરી રહ્યું છે. ત્યારે પરશોત્તમ રુપાલાની ટિકીટ રદ ન થતા ક્ષત્રિય સમાજે આવતીકાલે મોટું સંમેલનનું આયોજન કર્યુ છે. રાજકોટના રતનપર ખાતે રવિવારે સાંજે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યુ છે. ક્ષત્રિય સમાજના અનેક આગેવાનો આ મહાસંમેલનમાં હાજરી આપશે. તેમજ સૌરાષ્ટ્રભરમાંથી ક્ષત્રિય સમાજના લોકો પણ ઉપસ્થિત રહેશે.

### સુરતમાં હત્યાનો સિલસિલો જારી, મિત્રોએ મળી મિત્રને રહેંસી નાંખ્યો

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સુરતમાં હત્યાનો સિલસિલો અટકવાનું નામ નથી લેતો. વધુ એક હત્યાની ઘટના સામે આવી હતી. લિંબાયતમાં મિત્રોએ જ મિત્ર એવા રિક્ષાચાલકને ઘાતકી રીતે રહેંસી નાંખ્યો હતો. રૂપિયાની લેતી-દેતીમાં જીવલેણ હુમલો કર્યો હતો. તિક્ષ્ણ હથિયારોથી થયેલા હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો જ્યાં યુવકનું મોત નીપજ્યું હતું. લિંબાયત વિસ્તારમાં મોડી રાત્રે રવિ નામના શખ્સ પર તિક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો થયો હતો. લિંબાયત વિસ્તારમાં રંગીલા નગર શાકમાર્કેટ પાસે રિક્ષાચાલક યુવકને પથ્થર અને ચપ્પુના ઉપરા છાપરીઘાઝીંકીઘાતકીહત્યા કરવામાં આવી હતી.

### અમરેલીના કાઠી ક્ષત્રિય સમાજે ટેકો જાહેર કર્યો

# હિંમતનગરમાં ક્ષત્રિય સમાજ અસ્મિતા સંમેલન યોજાયું

### ક્ષત્રિય સમાજ અસ્મિતા સંમેલનમાં રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચીમકી

। (એજન્સી) હિંમતનગર, તા.૧૩ ।

રાજ્યભરમાં રાજકોટ લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપાલાની ઉમેદવારીને લઈને ક્ષત્રિયો વિરોધ કરી રહ્યાં છે.વિવાદિત નિવેદનથી શરૂ થયેલો વિરોધ શમવાનું નામ લેતો નથી. આજે આ મુદે હિંમતનગરમાં ક્ષત્રિય સમાજ અસ્મિતા સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય ઉપસ્થિત રહ્યાં હતા. ક્ષત્રિય અસ્મિતા સંમેલનમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ક્ષત્રિય સમાજના લોકો ઉપસ્થિત રહ્યાં હતા. ક્ષત્રિય સમાજની પહેલાથી જ એક જ માંગ છે કે, રૂપાલાની લોકસભાની ટિકિટ રદ કરવામાં આવે છે. રૂપાલાની ઉમેદવારી રદ કરવાની માગ સાથએ ક્ષત્રિય સમાજ અડગ છે. અસ્મિતા સંમેલનમાં ક્ષત્રિય અગ્રણીઓએ



સંબોધન કર્યું હતું, સમગ્ર સંમેલનનો માત્ર એક જ અજેન્ડા છે કે, ટિકિટ રદ કરવી, સંમેલનમાં ટિકિટ રદ નહીં થાય તો પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચીમકી પણ આપવામાં આવી છે. અન્ય સંગઠનના ક્ષત્રિય સમાજના લોકો પણ ઉપસ્થિત રહ્યાં હતા. હિંમતનગરમાં આયોજીત ક્ષત્રિય અસ્મિતા સંમેલનમાં સંકલન સમિતિના કરણસિંહ ચાવડા, વિજયસિંહ ચાવડા, મહીસાગર મહિલા પ્રમુખ નીરૂબા, અભીજીતસિંહ યુવા પ્રમુખ સહિત ના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. અમરેલીના કાઠી ક્ષત્રિય સમાજ રાજપૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો છે. કાઠી ક્ષત્રિય સમાજના પ્રતાપભાઈ ખુમાણે સ્પષ્ટતા કરી કે, કાઠી ક્ષત્રિય સમાજ રૂપાલાની સાથે હોવાની વાત અર્ધસત્ય છે. કાઠી ક્ષત્રિય સમાજ રાજપૂતોની સાથે છે તે પૂર્ણ સત્ય છે.તન,મન,ધનથી કાઠી ક્ષત્રિય સમાજના રાજવી રાજપૂતોની સાથે છે. રાજપૂત સમાજના સંમેલનને પ્રતાપ ખુમાણે કાઠી ક્ષત્રિય સમાજ વતિ ટેકો જાહેર કર્યો છે.

અમરેલીના કાઠી ક્ષત્રિય સમાજ રાજપૂતોના આંદોલનને ટેકો જાહેર કર્યો છે. કાઠી ક્ષત્રિય સમાજના પ્રતાપભાઈ ખુમાણે સ્પષ્ટતા કરી કે, કાઠી ક્ષત્રિય સમાજ રૂપાલાની સાથે હોવાની વાત અર્ધસત્ય છે. કાઠી ક્ષત્રિય સમાજ રાજપૂતોની સાથે છે તે પૂર્ણ સત્ય છે.તન,મન,ધનથી કાઠી ક્ષત્રિય સમાજના રાજવી રાજપૂતોની સાથે છે. રાજપૂત સમાજના સંમેલનને પ્રતાપ ખુમાણે કાઠી ક્ષત્રિય સમાજ વતિ ટેકો જાહેર કર્યો છે.

બીજી તરફ કબરાઉ મોગલધામના મણિધર બાપુએ પણ ક્ષત્રિયોને સમર્થન આપ્યું છે. ક્ષત્રિય સમાજના વિરોધ પર મણિધર બાપુએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "ચારણો રાજપૂત સમાજની સાથે છે.અપમાન સામેની લડાઈમાં ક્ષત્રિયોની સાથે ચારણ સમાજ પણ છે. સડેલા રાજકારણમાં મહિલાઓ નહીં પુરુષો બહાર આવે. ક્ષત્રિયોનું અપમાન થાય એમા અઢારે વરણ જોડાયેલી,આવા રાજકારણ માટે જૌહર ન કરાયા,ક્ષત્રિયાણીઓ સાથે ચારણ સમાજ ઉભો છે"

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને અમદાવાદથી પટના માટે બે સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૩ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-પટના અને અમદાવાદ-પટના વચ્ચે બે સાપ્તાહિક વિશેષ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર ૦૯૪૦૫/૦૯૪૦૬ સાબરમતી-પટના-સાબરમતી સ્પેશિયલ (કુલ ૨૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૦૫ સાબરમતી-પટના સ્પેશિયલ ૧૬ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ સુધી દર મંગળવારે સાબરમતીથી ૧૮:૧૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૨:૦૦ કલાકે પટના પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૬ પટના-સાબરમતી સ્પેશિયલ ૧૮ એપ્રિલ ૨૦૨૪ થી ૨૭ જૂન ૨૦૨૪ સુધી દર ગુરુવારે પટનાથી ૦૫:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૩૦ કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, ફુલેરા, જયપુર, બાંદીકુઇ, ભરતપુર, અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુર, વારાણસી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં થર્ડ એસી નો એક કોચ, સ્લીપર ક્લાસના ૦૮ કોચ અને જનરલ ક્લાસના ૧૦ કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૯૩/૦૯૪૯૪ અમદાવાદ-પટના-અમદાવાદ સ્પેશિયલ (કુલ ૨૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૯૩ અમદાવાદ-પટના સ્પેશિયલ ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધી દર રવિવારે અમદાવાદથી ૧૬:૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૨:૪૫ કલાકે પટના પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૯૪ પટના-અમદાવાદ સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૦૨ જુલાઈ ૨૦૨૪ સુધી દર મંગળવારે પટનાથી ૦૧:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭:૧૦ કલાકે અમદાવાદ પહોંચશે માર્ગમાં બંને દિશામાં ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, દમોહ, કટની મુરવાડા, સતના, માણિકપુર, પ્રયાગરાજ, છિવકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૦૫ અને ૦૯૪૯૩નું બુકિંગ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકેછે.

# ગુજરાતી પરિવાર ૨૦૦ કરોડની સંપત્તિ દાન કરી સંન્યાસી બન્યો

। (એજન્સી) હિંમતનગર, તા.૧૩ ।

હાલ ગુજરાતના સાબરકાંઠાનો ભંડારી પરિવાર ૨૦૦ કરોડની સંપત્તિ દાન કરીને ચર્ચામાં આવ્યો છે. સાબરકાંઠાના હિંમતનગરના રહેવાસી ભાવેશ ભંડારી અને તેમના પતની જીનલ ભંડારીએ જૈન દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. ભાવેશ ભંડારીએ પોતાની કરોડોની સંપત્તિ દાન કરી દીધી છે. તેમણે સાંસારિક મોહ ત્યજીને સંયમના માર્ગે નીકળવાનું નક્કી કર્યું છે.

ભંડારી પરિવાર પહેલાથી જ ધાર્મિક હતો. તેઓ પહેલાથી જ જૈન સમાજના સંતોના સત્સંગમાં રહેતો હતો. તેથી સૌથી પહેલા વર્ષ ૨૦૨૨ ના વર્ષમાં ભાવેશ ભંડારીના ૧૬ વર્ષીય દીકરા અને ૧૯ વર્ષની દીકરીએ દીક્ષા લીધી હતી. બંનેએ બે વર્ષ પહેલા સાંસારિક જીવન ત્યજી દીધું હતું. આખરે વર્ષ ૨૦૨૪ માં ભાવેશભાઈ અને તેમની પત્નીએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. આ માટે ભાવેશ ભંડારીએ સાંસારિક મોહમાયાથી અંતર બનાવી લીધું છે. તેઓએ પોતાની અંદાજિત ૨૦૦ કરોડથી વધુની સંપત્તિ ત્યજીને દાન આપી દીધી છે. તેમણે બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે જોડાયેલા હતા.

સંન્યાસી બનવા જઈ રહેલા ભાવેશ ભંડારી અને તેમની પત્ની જીનલ ભંડારીની ભવ્ય શોભાયાત્રા હિંમતનગરના રસ્તાઓ પર નીકળી હતી. અંદાજે ચાર કિલોમીટર લાંબી શોભાયાત્રામાં તેઓએ નીકળ્યા હતા. ભાવેશ ભંડારી અને તેમના પત્ની જીનલ ભંડારી આગામી ૨૨ એપ્રિલના રોજ સંયમનો માર્ગ અપનાવવા જઈ રહ્યાં છે. ૨૨ એપ્રિલના રોજ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાનાર દીક્ષા સમારોહમાં ભાવેશ ભંડારી, જીનલ ભંડારી સહિત ૩૬ વ્યક્તિઓ દીક્ષા ગ્રહણ કરશે. જૈન સમાજમાં દીક્ષાનું અનેરું મહત્વ હોય છે. જેમાં લોકો સાંસારિક મોહમાયા ત્યજીને સંયમનો માર્ગ અપનાવતા હોય છે. જેમાં લોકો પોતાની ધન, દૌલત બધુ જ પાછળ છોડીને સંયમના માર્ગે નીકળી જતા હોય છે. જૈન સમાજની આ વિધિ એક કઠિન પરીક્ષા છે. પરંતુ બધાની દીક્ષા મળતી નથી. જૈન સમાજની ભગવતી દીક્ષા ખૂબ કઠિન માનવામાં આવે છે. તેમાં સત્ય, અહિંસા, અપરિગ્રહ બ્રહ્મચર્ય અને ઔચર્ય જેવા પાંચ મહાવ્રતનું પાલન કરવું પડે છે. સંસારના બધા જ મોહ ત્યજી દીક્ષાર્થીઓ ધન મિલકતનું દાન કર્યા પછી સમગ્ર જીવન પોતાની પાસે કોઈ પણ પ્રકારની ધન મિલકત રાખતા નથી.

સંધ્યા બાદ આ જૈન સાધી સાધ્વીઓ ભોજન અને પાણી ગ્રહણ કરતા નથી તો બપોરે પણ ભોજન માટે ઘરોઘર ગોચરી લેવા જવું પડે છે. તો સાથે જ સમગ્ર જીવન વિદ્યુત ઉપકરણોનો ઉપયોગ કર્યા વિના માત્ર સ્વાધ્યાય, સેવા અને વૈયાવચ દ્વારા જીવન નિર્વાહ કરવું પડે છે.

### ઘટનામાં માસૂમનો ગયો જીવ

# નહેરુનગરમાં એક કાર ચાલકે પાર્કિંગમાં રમતી બાળકીને કચડી

। અમદાવાદ, તા.૧૩ ।

અમદવાદમાં ફરી એક વાર વાલીઓએ ચેતવા જેવો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદના નહેરુનગર વિસ્તારમાં આવેલી કલાનિકેતન સોસાયટીમાં કાર ચાલકે નાના બાળકને કચડી હોવાની ઘટના બની છે. કાર ચાલક પોતાની કારને ખસેડતો હતો ત્યારે વોચમેનનું બાળક ગાડી પાસે આવ્યું જોકે કાર ચાલકને આ વાતનું ધ્યાન ન રહેતા ગાડી ચલાવી દેતા આ ઘટના બની છે. જેમાં બાળક કાર નીચે કચડાયું અને બાળકનું મોત થયું છે. અમદાવાદમાં માતા-પિતા માટે ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નહેરુનગરમાં કાર ચાલકે પાર્કિંગમાં રમતી બાળકીને કચડી હોવાની ઘટના બની છે. નહેરુનગરની કલાનિકેતન સોસાયટીમાં આ ઘટના ઘટી છે. મહત્વનું છે કે આ ઘટનામાં સિક્યુરિટી ગાર્ડની જ બાળકીનું મોત થયું છે. પાર્કિંગમાં રમતી બાળકીને કાર ચાલકે ટક્કર મારી કચડી નાખી.

આ સમગ્ર ઘટનામાં અકસ્માતના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે. ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. એમ ડિવિઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જોકે આ ઘટના પાછળ કોની ભૂલ છે. તેને લઈને પણ તપાસ કરવામાં આવશે.

### ચૂંટણી પ્રચારમાં હિન્દુત્વના મુદ્દાની એન્ટ્રી

# બહેન-દીકરીઓને સલામત રાખવા ભાજપને મત આપો : ભાજપ નેતા

### બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ

। (એજન્સી) પાલનપુર, તા.૧૩ ।

રાજ્યમાં ચૂટણીનો માહોલ બરાબર જામ્યો છે, ચૂંટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસ જુદાજુદા મુદ્દાઓ પર પ્રચાર કરી રહ્યાં છે. અવનવા શબ્દો પ્રચારમાં સામે આવ્યા છે. આ પહેલા બનાસકાંઠા બેઠક પર મામેરું જેવા શબ્દો પ્રચારમા આવ્યા છે. હવે આ બેઠક પર ભાજપના નેતાએ પ્રચારમાં 'હિન્દુત્વ'ના મુદ્દાની એન્ટ્રી કરાવી દીધી છે. ડિસા પૂર્વ ધારસભ્યએ પ્રચારસભા દરમિયાન હિન્દુત્વનો રાગ આલાપ્યો છે, તેમને કહ્યું કે, માં-બહેન-દીકરીઓની સુરક્ષા માટે ભાજપને મત આપવો જોઈએ. બનાસકાંઠામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે, એકબાજુ ભાજપના ડૉ. રેખાબેન ચૌધરી છે, તો સામે કોંગ્રેસના ગેનીબેન ઠાકોર છે. આ બેઠક પર બન્ને પક્ષોએ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ગેનીબેન ઠાકોર બેઠક પર ઠેર ઠેર જોરદાર પ્રચાર કરી રહ્યા છે. હવે આ પ્રચારમાં ભાજપ પણ જોર લગાવી રહ્યું છે. તાજેતરમાં જ ભાજપે ફરી એકવાર 'હિન્દુત્વ'નો રાગ આલાપ્યો છે. ડિસાના પૂર્વ ધારાસભ્યએ પ્રચારમાં સુરક્ષાની સાથે હિન્દુત્વને ચૂંટણીનો મુદ્દો બનાવ્યો છે. ભાજપના પૂર્વ ધારાસભ્ય શશીકાન્ત પંડ્યાએ એક સભા દરમિયાન 'હિન્દુત્વ'ના નામે મત માગ્યા છે, તેમને લોકોને કહ્યું કે, જો માં-બહેન-દીકરીઓની સુરક્ષા કરવી હોય તો ભાજપને મત આપવો જોઈએ. બહેન-દીકરીને સલામત રાખવા ભાજપને મત આપો. તેમને વધુમાં કહ્યું કે, કોંગ્રેસને હિન્દુઓના મતની જરૂર નથી. આ સાથે જ તેમને કોંગ્રેસ માટે આલિયા-માલિયા-જમાલિયા જેવા શબ્દો પણ વાપર્યા હતા. રાજ્યમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જબરદસ્ત જંગ જામ્યો છે, લોકસભાની ચૂંટણીને લઈને તમામ પક્ષો ચૂંટણી પ્રચારમાં છે, ત્યારે રાજ્યમાં સૌથી મોટો જંગ બનાસકાંઠા બેઠક પર લડાઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. અહીં ભાજપ અને કોંગ્રેસના બન્ને મહિલા ઉમેદવારો આમને સામને છે. ભાજપે રેખાબેન ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે.

### ગુજરાતીઓને ગરમીથી મળશે આંશિક રાહત

# બે દિવસ છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

રાજ્યના અનેક વિસ્તારોમાં હાલ કાળઝાળ ગરમીની વચ્ચે વાદળછાયું વાતાવરણનું નિર્માણ થઈ રહ્યુ છે. ત્યારે આજે હવામાન વિભાગે ગુજરાતમાં બે દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે તાપમાનમાં મોટા ફેરફાર થવાની શક્યતાઓ દર્શાવવામાં આવી નથી.

અમદાવાદ હવામાન વિભાગના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આજે કરેલી આગાહીમાં બે દિવસ વરસાદ અંગેની આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ પર જે સાયક્લોનિક સરક્યુલેશન બનેલું હતુ તે હવે રાજસ્થાન અને ઉત્તર ગુજરાત તરફ વળ્યુ છે. જેના કારણે આજે અને આવતીકાલે બે દિવસ છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ થવાની આગાહી છે. રામાશ્રય યાદવે આગાહીમાં જણાવ્યુ છે કે, રવિવારે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં છૂટાછવાયા સ્થળે સામાન્ય વરસાદની શક્યતા છે. મોસમ વૈજ્ઞાનિકે તાપમાન અંગેની વાત કરતા જણાવ્યુ છે કે, આગામી સમયમાં બે દિવસ તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળશે નહીં. જે બાદ બેથી ચાર ડિગ્રી તાપમાન વધવાની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ ૩૮.૪ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ છે. આજે બંને શહેરોમાં ૩૯ ડિગ્રીની તાપમાન જવાની શક્યતા પણ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, દરિયાકાંઠાના વિસ્તારોની વાત કરીએ તો અહીં ત્રણ દિવસ ડિસકમ્ફર્ટ સિચ્યુએશનની સ્થિતિનું નિર્માણ થશે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨